CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 07

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions

2002-2026
25 વર્ષ
લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 07, Dt. 07-05-2026 (THURSDAY) Rs. 02/- Page : 30, RNI No. GUJGUJ/2023/84789

### વાંકાનેરના જીતુ સોમાણીના વાઈરલ વીડિયોથી રાજકારણમાં ખળભળાટ

# ભાજપ ધારાસભ્યએ કોંગ્રેસ માટે 'મત' માગ્યા?






- જીતુ સોમાણીએ વીડિયોમાં કહ્યું ''તમારુ કામ થઈ જશે પણ કોંગ્રેસને મત આપજો''
- મને બદનામ કરવાની સાજિશ; જીતુ સોમાણીનો દાવો, વીડિયો પાછળ કોંગ્રેસનો હાથ

## જીતુ સોમાણીના કારણે વાંકાનેર તાલુકા પંચાયતમાં ભાજપની હાર થઈ હોવાની ચર્ચાઓથી બજાર ગરમ

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબી જિલ્લાના વાંકાનેર-કુવાડવા બેઠકના ભાજપ ધારાસભ્ય જીતુ સોમાણીનો એક વીડિયો વાયરલ થતાં રાજકીય માહોલ ગરમાયો છે. વાયરલ વીડિયોમાં ધારાસભ્ય કોંગ્રેસને મત આપવાની વાત કરતા જોવા મળતા રાજકારણમાં ચર્ચાનો વિષય બન્યો છે. વીડિયોમાં તેઓ "તમારું કામ થઈ જશે, પણ કોંગ્રેસને મત આપજો" એવું કહેતા સંભળાઈ રહ્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં વિરોધીઓએ ભાજપ પર નિશાન સાધ્યું છે. જો કે, આ વીડિયો ચૂંટણી પહેલાનો હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. સમગ્ર મામલે વીડિયોની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. વાયરલ વીડિયો મુદ્દે ધારાસભ્ય જીતુ સોમાણીએ પણ પોતાનો પક્ષ રજૂ કર્યો છે. તેમણે દાવો કર્યો કે વીડિયો ઉતારનાર વ્યક્તિ કોંગ્રેસ સાથે સંકળાયેલો હતો અને તેમને બદનામ કરવાની નીતિ હેઠળ ટીખળ કરવા આવ્યો હતો. જીતુ સોમાણીએ કહ્યું કે કોંગ્રેસી કાર્યકર્તા જાણબૂઝીને વાતચીતનો વીડિયો બનાવી તેને વાયરલ કરી રહ્યો છે.

- કોંગ્રેસન 15 બેઠક જીત્યું
- ભાજપ 8 બેઠક જીત્યું
- વાંકાનેર તાલુકા પંચાયત કોંગ્રેસે કબ્જે કરી હતી
- એક બેઠક ઉપર અપક્ષની જીત થઈ હતી

## સ્માર્ટ રાજકોટમાં પાણીનું સંકટ; છેવાડાના વિસ્તારોમાં ટેન્કર જ સહારો

# રાજકોટ ~~સ્માર્ટ~~ ટેન્કર સિટી!




AI IMAGE

**મહિલાઓ અને સ્થાનિકોની મુશ્કેલી વધી**

**પાણીની અછતથી લોકોમાં રોષનો માહોલ**

**400 MLD જરૂરિયાત સામે પુરવઠા પર દબાણ**

**નળ સૂકા, ટેન્કર આગળ લોકોની લાઈનો**

## ચૂંટણી પહેલા 24 કલાક પાણીના વચનનું સૂરસૂરીયું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં ઉનાળાની ગરમી વધતા પાણીની સમસ્યા ગંભીર બનતી જઈ રહી છે. શહેરના છેવાડાના વિસ્તારોમાં પાણી માટે લોકોમાં પોકાર ઉઠ્યો છે. ખાસ કરીને વોર્ડ નંબર ૧૧ અને ૧૨ ઉપરાંત લક્ષ્મીના ધોળા તેમજ વાવડી વિસ્તારના અંતિમ વિસ્તારોમાં પાણીની અછત સર્જાતા મહાનગરપાલિકાએ ટેન્કર મારફત પાણી પહોંચાડવાની કામગીરી શરૂ કરી છે.

પૂર્વ અને પશ્ચિમ રાજકોટના અનેક છેવાડાના વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી નિયમિત પાણી ન મળતા લોકો પરેશાન બન્યા છે. અનેક વિસ્તારોમાં મહિલાઓ અને સ્થાનિકો પાણી માટે લાંબી રાહ જોતા જોવા મળી રહ્યા છે. પાણીની સમસ્યાને પહોંચી વળવા માટે હાલ શહેરમાં પાણીના ટેન્કર દોડાવવામાં આવી રહ્યા છે.

મળતી માહિતી મુજબ રાજકોટ શહેરને દૈનિક અંદાજે ૪૦૦ એમએલડી પાણીની જરૂરિયાત રહે છે. શહેરમાં પાણી વિતરણ માટે મુખ્યત્વે આજી ડેમ, ન્યારી ડેમ અને સૌની યોજના મારફત મળતા નર્મદાના નીર પર નિર્ભરતા રાખવામાં આવી રહી છે. જોકે ઉનાળાની સિઝનમાં પાણીની માંગ વધતા છેવાડાના વિસ્તારોમાં પૂરતું પ્રેશર ન મળતા મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે.

મહાનગરપાલિકા તંત્ર દ્વારા પાણી વિતરણ વ્યવસ્થાને સંતુલિત રાખવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવાનું જણાવાયું છે, ત્યારે બીજી તરફ સ્થાનિકોમાં પાણીની સમસ્યાને લઈને રોષ પણ જોવા મળી રહ્યો છે.



AI IMAGE

### પાણીના વચનો સામે વાસ્તવિકતા કઠોર

શહેરના છેવાડાના વિસ્તારોમાં પાણીની તંગી વધતા મહાનગરપાલિકાએ ટેન્કર મારફત પાણી પહોંચાડવાની ફરજ પડી છે. ખાસ કરીને વોર્ડ નં.૧૧, ૧૨, વાવડી અને લક્ષ્મીના ધોળા વિસ્તારમાં લોકો ટેન્કર પર આધારિત બન્યા છે. ચૂંટણી પહેલા ૨૪ કલાક પાણી આપવાના દાવા થયા હતા, પરંતુ ઉનાળો શરૂ થતા જ અનેક વિસ્તારોમાં પાણી માટે લોકો હેરાન થઈ રહ્યા છે. ઓછા પ્રેશર અને વધતી માંગને કારણે સ્થાનિકોમાં તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે.

## ગુજરાતભરમાં 123 પદો માટે નિર્ણાયક ચર્ચાઓ થઈ



# મેયર કોણ? 14 મેના સસ્પેન્ડનો અંત ?

**પદોની પસંદગીમાં સંગઠન પ્રત્યેની વફાદારી કાર્યક્ષમતા, સ્થાનિક સમીકરણો અને જીતની ક્ષમતા જેવા માપદંડોને પ્રાથમિકતા આપવામાં આવશે**

## PM મોદી આવતા હોવાથી પદોની જાહેરાત પાછી ઠેલાઈ




# 2027ની વિધાનસભાની ચૂંટણીને ધ્યાને લઈ "ટકોરા" જેવા નામો મૂકવામાં આવશે

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી નિવાસ સ્થાને ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકનો આજે બીજો દિવસ છે. રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ બાદ ચૂંટાયેલી પાંખના વડાઓની પસંદગી માટે શરૂ થયેલી આ બેઠકમાં ત્રણ દિવસ સુધી સતત મંથન પ્રક્રિયા ચાલશે.પાર્ટી દ્વારા સુચારુ સંકલન અને અંતિમ નિર્ણય પ્રક્રિયાને વધુ અસરકારક બનાવવા માટે તમામ પાર્લામેન્ટ્રી બોર્ડના સભ્યો સાથે જિલ્લા અને શહેર પ્રમુખોને પણ બેઠકમાં હાજર રહેવા ખાસ સૂચના આપવામાં આવી છે. ગઈકાલે બેઠકના પ્રથમ દિવસે તાલુકા પંચાયતના કુલ ૨૩૦ પ્રમુખોના નામ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વિવિધ જિલ્લાઓમાંથી મળેલ ફીડબેક અને સંગઠનના સૂચનોને ધ્યાનમાં રાખીને ઉમેદવારોની પસંદગી માટે ગહન વિચારણા કરવામાં આવી હતી.

આજે બીજા દિવસે બેઠક વધુ મહત્વપૂર્ણ બનશે, જેમાં ૩૩ જિલ્લા પંચાયત પ્રમુખ, ૧૫ મહાનગરપાલિકાના મેયર,૭૬ નગરપાલિકા પ્રમુખ મળીને કુલ ૧૨૪ પદો માટે ચર્ચા અને નામોને અંતિમ સ્વરૂપ આપવા મથામણ ચાલી રહી છે.સૂત્રો મુજબ, ઉમેદવારોની પસંદગીમાં સંગઠન પ્રત્યેની વફાદારી, કાર્યક્ષમતા, સ્થાનિક સમીકરણો અને જીતની ક્ષમતા જેવા માપદંડોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે નગરપાલિકા અને તાલુકા પંચાયત પ્રમુખોના નામોની સત્તાવાર જાહેરાત જિલ્લા સ્તરે કરવામાં આવશે, જ્યારે મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતના મુખ્ય પદો અંગેનો નિર્ણય રાજ્ય સ્તરે જાહેર થવાની સંભાવના છે.

આ મેરેથોન બેઠક બાદ આગામી સમયમાં રાજ્યના સ્થાનિક શાસનમાં ભાજપની નવી ટીમનો ચહેરો સ્પષ્ટ થશે, જેને લઈને રાજકીય વર્તુળોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

## હીટવેવનો હાહાકાર : ડિ હાઈડ્રેશન–હિટસ્ટ્રોકના કેસ વધ્યા

# રાજકોટ બન્યું દેશનું સૌથી ગરમ શહેર : તંત્રએ પાણી-છાંયડાની વ્યવસ્થા વધારી

» ગરમીથી પશુ–પક્ષીઓ પણ અકળાયા તાપનું એલર્ટ જાહેર

» ORS, છાશ અને પાણીની વ્યવસ્થા તાબડતોડ કરવા સૂચના



**સિટી ન્યૂઝ@રાજકોટ**

દેશના સર્વાધિક ગરમ શહેરોમાં પણ તાપમાન ઘટ્યું છે પરતું ગુજરાતની ગરમી યથાવત છે.ગઈકાલે દેશમાં સૌથી ઉચ્ચું તાપમાન રાજકોટમાં નોંધાયું છે. હાલમાં આકરી ગરમી પડી રહી છે અને સમયાંતરે હીટવેવની આગાહીઓ વ્યક્ત કરવામાં આવે છે, ત્યારે નાગરિકોને તકલીફ ન પડે તે માટે સરકારી કચેરીઓ કે જાહેર સ્થળો પર છાંયડો, પાણી સહિતની વ્યવસ્થાઓ કરવા જિલ્લા કલેક્ટર તંત્ર તરફથી વિવિધ વિભાગોને સૂચના આપવામાં આવી છે.

હાલમાં જ હીટવેવ એક્શન પ્લાન અંગેની બેઠક કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી. જેમાં નિવાસી અધિક કલેક્ટર એન. કે. મુછાર દ્વારા સૂચના આપવામાં આવી હતી કે, વિવિધ તાલુકાઓમાં આવેલી સરકારી કચેરીઓ સહિત, જાહેર સ્થળો, બસ સ્ટેન્ડ, પ્રવાસન સ્થળો, શાળાઓ, બાંધકામ સાઇટ વગેરે તમામ જગ્યા પર પીવાનું પાણી, જરૂરી દવાઓ, ઓ.આર.એસ. તથા છાંયડો વગેરે વ્યવસ્થા કરવી. પશુઓ માટે પણ ઠંડી છત અને છાંયડો, પાણી વગેરે સુવિધા પૂરી પાડવા સુચના અપાઈ છે.મહત્વનું છે કે, હીટવેવ દરમિયાન ફૂડ પોઈઝનિંગના કેસો પણ વધતા હોય છે. આથી જરૂરી મેડિકલ ટ્રીટમેન્ટની વ્યવસ્થા કરવા, કામકાજના સ્થળોએ મજૂરોને જરૂરી હેલ્થ ચેકઅપ સહિતની વ્યવસ્થા પૂરી પાડવા જણાવાયું હતું. હીટવેવના કારણે કોઈ માનવ મૃત્યુ નોંધાય તો તે અંગે અત્રેની કચેરીના કંટ્રોલ રૂમ પર તાત્કાલિક જાણ કરવા જણાવાયું હતું.

ઉલ્લેખનીય છે કે એક અઠવાડિયાથી ભારે હીટવેવના કારણે ડિહાઈડ્રેશન અને હીટસ્ટ્રોકના કારણે પશુથી લઈ માનવી પણ અકળાયા છે અને રાત્રીના બફારાના કારણે લોકોની નિંદર હરામ થઈ ગઈ છે.

## સામાજિક સંસ્થાઓને છાશ– લીંબુ પાણી વિતરણ કરવા સુચના

આ ઉપરાંત સ્થાનિક દાતાઓ, સામાજિક સંસ્થાઓ, એન.જી.ઓ. દ્વારા કામદારોને છાશ, લીંબુ પાણી વિતરણ કરવામાં આવે તે પ્રકારની વ્યવસ્થા કરવા તેમજ હીટવેવની આગાહી કે તે અંગે જારી થતી સૂચનાઓ મુજબ જરૂરી પગલાં લેવા જણાવાયું હતું.

## શાળામાં બાળકોને હીટવેવથી બચાવવા સુચના

તમામ શાળાઓમાં શિક્ષકોની મદદથી બાળકોને હીટવેવ અને તેનાથી થતી અસરો અને બચાવના ઉપાયો વિશે સમજણ આપવા જણાવાયું હતું. તેમજ શાળામાં પાણીની વ્યવસ્થા, છાંયડો, પ્રાથમિક સારવાર કિટ ઉપલબ્ધ રાખવા તથા જરૂર જણાયે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીના સંકલનમાં રહી શાળાના સમયમાં જરૂરી ફેરફાર કરવા પણ જણાવાયું હતું.

## બાંધકામ સાઈટ પર આરામ શેડ્સ બચાવવા સુચના

મનરેગા સાઈટ તેમજ બાંધકામ સાઈટ્સ પર મજૂરી કામમાં રોકાયેલા તમામ કામદારો માટે આરામના શેડ્સ, પીવાનું સ્વચ્છ પાણી, ઓરલ રિહાઈડ્રેશન સોલ્યુશન, સમર કેપ્સ પૂરી પાડવા, ગરમીની મોસમમાં મૃત્યુના તમામ કારણો અને હોસ્પિટલમાં દાખલ થતા દર્દીઓ પર દેખરેખ રાખવા ખાસ સૂચના અપાઈ હતી.



### મહારાષ્ટ્રમાં બર્ડફ્લૂના કારણે અઢી લાખ મરઘા મારી નાંખ્યા

# ઈંડાની અછતના એંધાણ!

## રોજના 15 લાખ ઈંડાની સપ્લાય બંધ

**સિટી ન્યૂઝ@સુરત**

મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લામાં આવેલા નવાપુરમાં બર્ડફ્લૂના પોઝિટિવ કેસ આવતા પોલટ્રી ફાર્મને તાળા લાગી ગયા છે. અઢી લાખ મરઘાને તો મારી નાખવાની ફરજ પડી છે. આ સ્થિતિની સૌથી વધુ અસર થઈ હોય તો તે સુરત છે. કારણ કે, સુરતમાં દૈનિક ઈંડાની મોટાભાગની જરુરિયાત નવાપુર પૂરી કરે છે. લાખો ઈંડાની સપ્લાય ઠપ્પ થતા સુરતમાં ઈંડાની અછત સર્જાવાની શક્યતા છે. મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લામાં આવેલા અને ગુજરાતની સરહદને અડીને આવેલા નવાપુરના પોલ્ટ્રી ઉદ્યોગમાં બર્ડ ફ્લૂ (H૫N૧) ફાટી નીકળતા ફફડાટ વ્યાપી ગયો છે. નવાપુર પોલ્ટ્રી એસોસિએશનના અધ્યક્ષ આરિફભાઈ બલેસરિયાએ પુષ્ટિ કરી છે કે નંદુરબાર જિલ્લા કલેક્ટરે સત્તાવાર રીતે બર્ડ ફ્લૂ જાહેર કર્યો છે. આ સમાચારની સૌથી વધુ અને સીધી અસર સુરત શહેર પર જોવા મળી રહી છે. સુરત પોતાની ઈંડાની જરૂરિયાત માટે સંપૂર્ણપણે નવાપુર પર નિર્ભર છે. રોજિંદા ધોરણે નવાપુરથી સુરતમાં જે લાખો ઈંડાની આવક થતી હતી, તે કલેક્ટરના જાહેરનામા બાદ તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવી છે. આના કારણે આગામી દિવસોમાં સુરતના રિટેલ માર્કેટમાં ઈંડાની અછત સર્જાય તેવી પૂરેપૂરી શક્યતા છે. નવાપુર ખાતે તમામ તપાસ કાર્યવાહી પર સુરત



જિલ્લા કલેકટર કચેરીની પણ નજર છે.


બર્ડ ફ્લૂની ગંભીરતાને જોતા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) અને કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે વિસ્તારમાં વાયરસ પોઝિટિવ આવ્યો છે તેના ૧ કિલોમીટરના રેડિયેશનમાં આવતા તમામ પોલ્ટ્રી ફાર્મ્સને ખાલી કરાવવાનો આદેશ અપાયો છે. એનિમલ હસબન્ડરી ડિપાર્ટમેન્ટ દ્વારા અત્યાર સુધીમાં અંદાજે ૨ લાખ ૪૦ હજાર મરઘાંઓને કલિંગ (મારી નાખવાની પ્રક્રિયા) દ્વારા નષ્ટ કરવામાં આવ્યા છે. આ પ્રક્રિયાનો હેતુ વાયરસને અન્ય તંદુરસ્ત પક્ષીઓ અને માણસો સુધી ફેલાતો અટકાવવાનો છે. બાકીના વિસ્તારોમાં પણ સર્વેલન્સ વધારી દેવામાં આવ્યું છે. નવાપુરમાં કુલ ૧૨ લાખ મરઘાંની ક્ષમતા છે, જેમાંથી દૈનિક ૧૦ લાખ ઈંડાનું ઉત્પાદન થાય છે.

### શું ચિકન-ઈંડા ખાવા સુરક્ષિત છે?

બર્ડ ફ્લૂના સમાચાર વાયુવેગે ફેલાતા લોકોમાં ચિકન અને ઈંડા ખાવા અંગે ડરનો માહોલ છે. જોકે, નિષ્ણાતો અને પોલ્ટ્રી એસોસિએશનના પ્રમુખે લોકોને ગભરાવાની જરૂર નથી તેવી અપીલ કરી છે. WHOની ગાઈડલાઈન મુજબ, જો ચિકન કે ઈંડાને ૭૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન પર બરાબર ઉકાળીને કે રાંધીને ખાવામાં આવે તો વાયરસ જીવિત રહી શકતો નથી. ભારતીય રસોઈ પદ્ધતિમાં સામાન્ય રીતે ખોરાક ૮૦ થી ૯૦ ડિગ્રી તાપમાન પર રાંધવામાં આવતો હોય છે, તેથી યોગ્ય રીતે પકવેલો ખોરાક સ્વાસ્થ્ય માટે હાનિકારક નથી. પરંતુ, કાચા કે અર્ધકચરા રાંધેલા ઈંડા-ચિકનથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે.

### પરમિટ શોપમાં નવા રેટ લાગુ

# રાજકોટમાં દારૂ થયો મોંઘો : બિયર-દારૂની બ્રાન્ડમાં તગડો વધારો



## બિયરના એક ટીનમાં 20 રૂપિયાનો વધારો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં દારૂના શોખીનો માટે માઠા સમાચાર સામે આવ્યા છે. બિયર સાથે હવે અનેક વિદેશી તેમજ દેશી દારૂની બ્રાન્ડના ભાવમાં પણ વધારો કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ વિવિધ બ્રાન્ડ પર રૂ.૧૦ થી લઈને રૂ.૫૦ સુધીનો વધારો ઝીંકવામાં આવ્યો છે, જ્યારે બિયરના એક ટીન પાછળ સરેરાશ રૂ.૨૦ વધુ ચૂકવવા પડશે.


વાઈન શોપ સંચાલકોના જણાવ્યા મુજબ કંપનીઓના વધેલા સપ્લાય ખર્ચ, ટ્રાન્સપોર્ટેશન ખર્ચ અને ટેક્સના કારણે નવા ભાવ અમલમાં મુકાયા છે. ઉનાળાની સીઝનમાં દારૂ અને બિયરની માંગ વધતી હોય ત્યારે થયેલા આ ભાવવધારાથી ગ્રાહકોમાં નારાજગી જોવા મળી રહી છે.

નવી કિંમત લાગુ થતાં શહેરની અનેક દારૂની દુકાનો પર ગ્રાહકો વચ્ચે ચર્ચાનો માહોલ જામ્યો હતો. વેપારીઓનું કહેવું છે કે આગામી સમયમાં અન્ય પ્રોડક્ટમાં પણ ભાવફેરફાર થવાની શક્યતા નકારી શકાય નહીં. ભાવવધારાની સીધી અસર હવે સામાન્ય ગ્રાહકોના ખિસ્સા પર પડશે.



## રાજકોટમાં ફરી બૂટલેગરોના દિવસોઃ પોલીસની કામગીરી સામે સવાલો

# ચૂંટણી ટાણે સુપર એક્ટિવ પોલીસ, હવે બુટલેગરો માટે બન્યું ખુલ્લું મેદાન ?




## રાજકોટમાં દારૂબંધીના દાવાઓ પર જનતાના વેધક સવાલો

## ચૂંટણી પતી, 'ખાખી'ની સ્પીડ ઘટી?

## ચૂંટણી ટાણે લાખોનો 'માલ' ઝડપાયો, હવે કેમ શાંતિ?

## વોટ સુધી જ વરદીનો ખોફ ? ચૂંટણી બાદ રાજકોટમાં ફરી દારૂના હાટડા શરૂ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ શાંત થયાને હજુ એક અઠવાડિયું માંડ થયું છે, ત્યાં જ પોલીસ તંત્રની કામગીરી પર પ્રશ્નાર્થચિહ્નો ઉભા થયા છે. ચૂંટણી પહેલા જે તંત્ર 'સુપર એક્ટિવ' મોડમાં હતું, તે પરિણામો આવતાની સાથે જ 'સાઈલન્ટ મોડ'માં કેમ આવી ગયું? તેવો સવાલ અત્યારે રાજકોટની જનતા પૂછી રહી છે.આંકડાકીય દ્રષ્ટિએ જોઈએ તો, ચૂંટણીના છેલ્લા ૧૦-૧૫ દિવસોમાં રાજકોટ જિલ્લાની હદમાંથી અંદાજિત ૧ કરોડથી વધુની કિંમતનો વિદેશી દારૂ અને અન્ય નશીલા પદાર્થો ઝડપી પાડવામાં આવ્યા હતા. દરરોજ મોટા કન્ટેનરો અને ગાડીઓ પકડાતી હતી. પરંતુ જેવી ચૂંટણી પૂરી થઈ, કે તરત જ મોટા જથ્થા પકડાવાની પ્રક્રિયા થંભી ગઈ હોય તેવું લાગે છે.તંત્રની આ 'મોસમ' મુજબની કડકાઈ સામે સામાન્ય નાગરિકોમાં રોષ છે. જો ચૂંટણી સમયે આટલો મોટો જથ્થો પકડાઈ શકતો હોય, તો સામાન્ય દિવસોમાં આ માલ ક્યાં ગાયબ થઈ જાય છે? શું હવે ફરી કોઈ મોટી ચૂંટણીની રાહ જોવી પડશે?

**હવે આગામી દિવસોમાં માત્ર એક-બે બોટલ કે છૂટી પેટીઓ પકડીને જ સંતોષ મનાશે કે મોટા મગરમચ્છો સુધી પાંજરા પહોંચશે?**

**બુટલેગરોએ શું ચૂંટણી પૂરી થતા જ ધંધા બંધ કરી દીધા? શું પોલીસની કડકાઈ માત્ર આચાર સંહિતા પૂરતી જ મર્યાદિત હોય છે?**

## ચૂંટણી હતી તો ચોકી પહેરો હતો, ગલીએ-ગલીએ ખાખીનો ઘેરો હતો

### રાજકોટિયન્સનું ગરમીમાં નવું રૂટિન : ડિનર પછી સીધા ગોલા પાર્લર !

# રાજકોટમાં રાત્રે ગોલાની મહેફિલ, રાતે 8 થી 12માં

## 10 લાખની આઈસ ડિશ સફાચટ્ટ

■ રાત્રે 9થી 12માં મોટાભાગના સ્થળે લાંબી લાઈનો જોવા મળે છે

■ રાત્રે 8-12માં સિટીમાં 10 લાખના ગોલા–આઈસ ડિશ ખવાય છે

■ ચોકલેટથી લઈને રજવાડી આઈસ ડિશનો જાદુ

■ આલ્કલાઈન ગોલાનો ટ્રેન્ડ હિટ

■ 50 થી લઈ 1000 રૂપિયા સુધીના ગોલાનું ધૂમ વેંચાણ

■ ડ્રાયફ્રુટ્સ, માવા–મલાઈ ડિશ લોકોની ફેવરિટ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ઉનાળામાં રાત્રે બરફ ગોલા અને આઈસ ડિશ રાજકોટીયન્સનું રૂટિન બની ગયું છે. ગરમીના કારણે આ વર્ષે સિઝન મિડ માર્ચથી જ શરૂ થઈ ગઈ છે. જેના કારણે લોકોની ડિમાન્ડ પણ વધારે છે. આ વર્ષે નોર્મલ ગોલા અને આઈસ ડિશની સરખામણીએ ચોકલેટ, માવા ડ્રાઈફ્રૂટ અને એક્ઝોટિક ફ્રૂટ્સ ફ્લેવર લોકો વધુ પસંદ કરી રહ્યા છે. ૭૦ રૂપિયાથી લઈને ૨૫૦ રૂપિયા સુધીના ૫૦થી પણ વધુ ગોલા-આઈસ ડિશના ઓપ્શન અવેલેબલ છે જેમાં આ વર્ષે આલ્કલાઈન વોટર ગોલા સૌથી વધુ ડિમાન્ડમાં છે. રાત્રે ૮થી લઈને ૧૨ સુધીમાં રાજકોટીયન્સ અંદાજે ૧૦ લાખથી વધુના ગોલા-આઈસ ડિશ દરરોજ ખાઈ જાય છે.


આ વર્ષે નોર્મલ ગોલા કે આઈસ ડિશ કરતા ફ્રૂટ્સ, ડ્રાયફ્રૂટ્સ, માવા-મલાઈ અને આઈસક્રીમવાળી આઈસ ડિશ લોકોને વધારે પસંદ આવી રહી છે. એક્ઝોટિક ડ્રાઈફ્રૂટ્સ કે જે તરબૂચની છાલનું બાઉલ બનાવી તેમાં સર્વ કરવામાં આવે છે જેથી તેમાં ફ્રૂટ-ગોલા બન્નેનો સ્વાદ એક સાથે માણી શકાય છે. આઈસક્રીમ, ડ્રાયફ્રૂટ્સ, અને ક્રીમની સાથેની આઈસ ડિશ પણ આ વખતે સૌથી ડિમાન્ડમાં છે આ આઈસ ડિશ પરિવારના ૩ સભ્યો સરળતાથી ખાઈ શકે છે. આ વર્ષે રાજકોટમાં આલ્કલાઈન વોટરથી બનતા ગોળાનો ટ્રેન્ડ સૌથી વધારે જોવા મળી રહ્યો છે. આલ્કલાઈન વોટરથી બનતો આઈસ કિલન હોય છે જેમાં ફ્લેવર્સનો સ્વાદ વધુ સારો આવે છે. આ વર્ષે આ ગોળાની ડિમાન્ડ સૌથી વધારે છે. રોજનો અંદાજે ૧૫૦ કિલો બરફ તેના માટે યુઝ થાય છે.





**સમર આઈસ ડિશ ટ્રેન્ડિંગ ફ્લેવર**

ચોકલેટ ડીપ - ૨૫૦ રૂપિયાઃ ડાર્ક ચોકલેટ લેયર્સ સાથે ચોકો ચિપ્સ ગાર્નિશિંગ કરવામાં આવે છે.



**એક્ઝોટિક મિક્સ ફ્રૂટ**

૨૦૦ રૂ, લીચી, ચેરી, સ્ટ્રોબેરી, પાઈનેપલ દરેક ફ્રૂટ પીસ સાથે ફ્લેવર્સ એડ કરાય છે.



**રજવાડી**

૨૫૦ રૂપિયા, મિલ્ક મલાઈ, ડ્રાયફ્રૂટ્સ, ક્રીમ, આઈસ ક્રીમ સાથે સિરપ મિક્સ કરાય છે.




**9** આતંકી ઠેકાણા

**22** મિનિટનો સમય

**13** પાક. લડાકુ વિમાન

**11** પાકિસ્તાની એરબેઝ

**100** પાક. સૈનિકોનો ખાતમો

# ઓપરેશન સિંદૂરની વર્ષગાંઠ પર સેનાનું નિવેદન







**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ગયા વર્ષે પહલગામમાં થયેલા ઘાતકી આતંકી હુમલામાં ૨૬ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા, જેના જવાબમાં ભારતે પાકિસ્તાની આતંકી ઠેકાણાઓ અને તેમના સપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિરુદ્ધ આ અત્યંત ગુપ્ત અને પ્રચંડ ઓપરેશન પાર પાડ્યું હતું. એક વર્ષ પૂર્ણ થવા પર થલ સેના, વાયુસેના અને નૌસેનાના ઉચ્ચ અધિકારીઓએ આ ઓપરેશનની સફળતાની વિગતો જાહેર કરી છે.

લેફ્ટિનન્ટ જનરલ રાજીવ ઘઈ, એર માર્શલ અવધેશ ભારતી અને વાઈસ એડમિરલ એએન પ્રમોદે સંયુક્ત રીતે જણાવ્યું હતું કે, આ ઓપરેશન આતંકવાદ સામે ભારતની દ્રઢ ઈચ્છાશક્તિનું પ્રતીક છે. આ ઓપરેશન દરમિયાન ભારતે પાકિસ્તાનના ૧૩ વિમાન તોડી પાડ્યા હતા અને ૧૧ સૈન્ય બેઝને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. આ ઓપરેશનમાં ૧૦૦થી વધુ પાકિસ્તાની સૈનિકોને ઠાર કરવામાં આવ્યા હતા.




લેફ્ટિનન્ટ જનરલ રાજીવ ઘઈએ જણાવ્યું કે, આ ઓપરેશનમાં ૬૫ ટકાથી વધુ સંરક્ષણ ઉપકરણો સ્વદેશી હતા, જે આત્મનિર્ભર ભારતની વધતી શક્તિ દર્શાવે છે. સરકારે સેનાને સંપૂર્ણ 'પ્રોફેશનલ ફ્રીડમ' અને સ્પષ્ટ દિશાનિર્દેશો




આપ્યા હતા, જેના કારણે પાકિસ્તાનની તમામ નપાક હરકતોને જડબાતોડ જવાબ આપી શકાયો. પાકિસ્તાન એટલું મજબૂર બન્યું હતું કે તેણે ઓપરેશન રોકવા માટે અપીલ કરવી પડી હતી. તેમણે વધુમાં ઉમેર્યું કે 'ઓપરેશન સિંદૂર' એ અંત નથી, પણ એક નવી શરૂઆત છે. એર માર્શલ અવધેશ ભારતીએ જણાવ્યું કે ભારતીય સેના હંમેશા 'જીવો અને જીવવા દો'ની ફિલસૂફીમાં માને છે, પરંતુ જ્યારે કોઈ અમારી શાંતિને નબળાઈ માને છે ત્યારે તેને નિર્ણાયક જવાબ આપવામાં આવે છે. તેમણે કહ્યું કે, જ્યારે ભારતનું પહેલું હથિયાર પાકિસ્તાની ટાર્ગેટ પર ત્રાટક્યું ત્યારે શહીદ પરિવારોને આંશિક ન્યાય મળ્યો હતો. વાયુસેના હાલમાં 'મિશન સુદર્શન ચક્ર' હેઠળ આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહી છે. વાઈસ એડમિરલ એએન પ્રમોદે ખુલાસો કર્યો કે આ ઓપરેશનમાં ભારતીય નૌસેનાએ બેટલ કેરિયર ગ્રુપ, સબમરીન અને અન્ય સંપત્તિઓ તૈનાત કરી હતી. નૌસેનાએ સ્ટ્રાઈક્સમાં સક્રિય ભાગ લેવા ઉપરાંત પાકિસ્તાનના વ્યાપારી માર્ગોને પણ નિયંત્રિત કર્યા હતા, જેનાથી પાકિસ્તાન પર આંતરરાષ્ટ્રીય દબાણ વધ્યું હતું.

## મોરબીમાં રખડતા શ્વાનોનો આતંક

# રાતે સુતેલા 8 વર્ષના બાળકને કૂતરાએ ફાડી ખાતા કરૂણ મોત



### સૌરાષ્ટ્રભરમાં શ્વાનનો આતંક, શાસકો-તંત્ર ઉંઘમાં : બુધ્ધીના લટ્ટુ તંત્રના કારણે માસૂમોનો ભોગ લેવાતો રહશે



- » બેલા પાસે સિરામિક ફેક્ટરીમાં સૂતેલા માસૂમને કૂતરાં ઢસડી ગયા
- » ચીસાચીસ સાંભળી પરિવાર જાગ્યો, પણ જીવ ન બચ્યો
- » ગંભીર રીતે ઘવાયેલા બાળકનું સિવિલ હોસ્પિટલમાં ટૂંકી સારવારમાં મોત

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબી શહેરમાં રખડતા શ્વાનનો ત્રાસ હવે હદ વટાવીને જીવલેણ બની ચૂક્યો છે. મોરબી-જેતપર રોડ પર બેલા ગામ પાસે આવેલ ટાઈટેનિયમ વિટ્રિફાઈડ (સિરામિક) કારખાનામાં મજૂરી કરતા શ્રમિક પરિવારના ૮ વર્ષના માસૂમ પુત્રને રાત્રિના સમયે રખડતા શ્વાનો ઢસડી ગયા હતા. રાક્ષસ બનેલા શ્વાનોએ બાળકને ફાડી ખાતા ગંભીર ઈજાઓને કારણે હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ તેનું કરુણ મોત નીપજ્યું છે. આ હૃદયદ્રાવક ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી અને તંત્ર સામે ભારે આક્રોશ વ્યાપી ગયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ટાઈટેનિયમ સિરામિકમાં કામ કરતા કૃપાલ માલવિયા, તેમના પત્ની અને ૮ વર્ષીય પુત્ર કૃણાલ સાથે રાત્રે લેબર કોલોનીના બહારના ભાગમાં સુતા હતા. મધરાત્રે રખડતા શ્વાનોનું હિંસક ટોળું ત્યાં અચાનક ત્રાટક્યું હતું અને ઘોર નિંદ્રામાં સૂતેલા માસૂમ કૃણાલને જડબામાં દબોચીને ઢસડીને કોલોનીના પાછળના ભાગે લઈ ગયું હતું. ત્યાં હિંસક બનેલા શ્વાનોએ બાળકના શરીર પર ઠેર-ઠેર ગંભીર બચકાં ભરી લીધા હતા અને તેને બુરી રીતે ચૂંથી નાખ્યો હતો.

શ્વાનોના હુમલાથી બાળકની ચીસાચીસ સાંભળી પરિવાર સફાળો જાગી ગયો હતો અને તેને લોહીલુહાણ હાલતમાં છોડાવી તુરંત મોરબીની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. જોકે, માસૂમના શરીર પર ઈજાઓ એટલી ગંભીર હતી કે ટૂંકી સારવાર દરમિયાન જ કૃણાલે દમ તોડી દીધો હતો. ઘટના અંગે મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના તપાસનીશ અધિકારી ફિરોજ સુમરાએ જણાવ્યું હતું કે, બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી કાયદેસરની નોંધ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ગરીબ મજૂર પરિવાર પર આવી પડેલી આ આફતને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

નોંધનીય છે કે, મોરબી સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં છેલ્લા ઘણા સમયથી રખડતા શ્વાનોનો આતંક સીમા વટાવી રહ્યો છે. અગાઉ પણ મોરબીમાં એક જ દિવસમાં ૨૦ થી વધુ લોકોને શ્વાને બચકાં ભર્યા હોવાની ઘટનાઓ બની ચૂકી છે. બુદ્ધિના લકવાગ્રસ્ત અને નિંભર બનેલા સ્થાનિક તંત્રની ઘોર બેદરકારીના કારણે આજે એક ગરીબ પરિવારે પોતાનો લાડકવાયો ગુમાવ્યો છે. લોકોમાં ભારે રોષ છે કે શાસકો અને તંત્ર હજુ કેટલી જિંદગીઓનો ભોગ લેવાય તેની રાહ જોઈ રહ્યા છે?



## FSSAIનું એક્શન મોડ : આરોગ્ય માટે મોટો નિર્ણય

# સ્વાસ્થ્ય માટે ખત્તરનાક સિન્થેટિક (નકલી) પનીર પર પ્રતિબંધ ?

## ઓછા પોષણવાળું આ પનીર સ્વાસ્થ્ય માટે હાનિકારક હોવાથી બજારમાંથી દૂર કરવામાં આવશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ્સ ઑથોરિટી ઑફ ઇન્ડિયા (FSSAI)એ બજારમાં વેચાઈ રહેલા સિન્થેટિક પનીર પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવાની તૈયારી કરી છે. ઓછા પોષણવાળું આ પનીર સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. એને ગ્રાહક સુરક્ષા માટે બજારમાંથી દૂર કરવામાં આવશે. આ બાબત સાથે સંકળાયેલા વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર એક ઉચ્ચ સ્તરની સમિતિએ ઑક્ટોબર ૨૦૨૫માં આ પ્રસ્તાવ તૈયાર કર્યો હતો અને માર્ચ ૨૦૨૬માં એક બેઠકમાં એને સત્તાવાર રીતે મંજૂરી આપવામાં આવી હતી.

સમિતિનો તર્ક છે કે ભારત વિશ્વનો સૌથી મોટો ડેરી-ઉત્પાદક દેશ હોવા છતાં અહીં સસ્તા અને ભેળસેળયુક્ત કૃત્રિમ પનીરનો મોટો જથ્થો વેચાઈ રહ્યો છે. એ દેખાવમાં અને સ્વાદમાં વાસ્તવિક પનીર જેવું જ છે જે ગ્રાહકોને મૂંઝવણમાં મૂકે છે. આરોગ્ય નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે સિન્થેટિક પનીરમાં નજીવું પ્રોટીન અને વધુપડતી ચરબી હોય છે. એના નિયમિત સેવનથી ટાઇપ-ટૂ ડાયાબિટીઝ અને અન્ય ગંભીર રોગો થઈ શકે છે. સરકાર દ્વારા આ કડક પગલાથી ડેરીઉદ્યોગમાં પારદર્શિતા આવશે અને સામાન્ય લોકોના સ્વાસ્થ્યમાં સુધારો થશે એવી અપેક્ષા છે.

**સત્તાવાર મંજૂરી મળી ગમે ત્યારે દેશભરમાં મોટી જાહેરાત થશે**

દેશમાં આશરે ૧૦૦૦ કંપનીઓ પાસે સિન્થેટિક પનીર બનાવવા માટે લાઇસન્સ છે. નવી નીતિ હેઠળ કોઈ નવું લાઇસન્સ જાહેર કરવામાં આવશે નહીં અને હાલની કંપનીઓને તેમનો સ્ટૉક ખાલી કરવા અને ઉત્પાદન બંધ કરવા માટે પૂરતો સમય આપવામાં આવશે.

બજારમાં સિન્થેટિક પનીરની લોકપ્રિયતા ઝડપથી વધી છે કારણ કે એ એક સસ્તો વિકલ્પ છે. એ મુખ્યત્વે તાજા દૂધને બદલે પામતેલ, દૂધનો પાઉડર, સ્ટાર્ચ અને ઇમલ્સિફાયરના મિશ્રણમાંથી બનાવવામાં આવે છે. વાસ્તવિક બ્રૅન્ડેડ પનીર ૪૫૦ રૂપિયા પ્રતિ કિલો સુધી વેચાય છે ત્યારે સિન્થેટિક પનીર ૨૫૦થી ૩૦૦ રૂપિયામાં ઉપલબ્ધ છે. એનો ઉપયોગ રેસ્ટોરાં અને ઢાબાઓમાં વ્યાપકપણે થાય છે જે ગ્રાહકો સાથે છેતરપિંડી છે.

## ટીપી શાખા દ્વારા નોટીસો ઈશ્યુ કરવામાં આવતા જ મકાનમાલિકો દ્વારા વળતર માટેની રજુઆતો કરાઈ

# રૈયા ગામનો 80 ફૂટનો રોડ 150 ફૂટનો કરવા 70 મકાનોના ભાગ તોડી પડાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ચૂંટણી આચારસંહિતા પૂરી થતા મહાપાલિકા દ્વારા ધીમે ધીમે ઓપરેશન ડિમોલીશન શરૂ થયા છે. તો હવે નજીકના ભવિષ્યમાં કરવાના ડિમોલીશન અંગે નોટીસ સહિતની કાર્યવાહી પણ આગળ વધારવામાં આવી છે.તેના ભાગરૂપે રૈયા ગામથી સ્માર્ટ સીટી સુધીના રોડને પહોળો કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે.
આ રોડ ૧૫૦ ફુટનો બનાવવાનું આયોજન મહાપાલિકાની ટીપી શાખાએ હાથ ધર્યુ છે.




રાજકોટ મહાપાલિકાની ટીપી શાખા દ્વારા રૈયા ગામથી સ્માર્ટ સિટી એરિયા સુધીનો રોડ પહોળો કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે જે અંતર્ગત ૬૦થી ૭૦ જેટલી રહેણાંક મકાનો સહિતની અનેક મિલકતો કપાતમાં જતી હોય તાજેતરમાં ડિમાર્કેશન અને નોટિસોની બજવણી સહિતની પ્રક્રિયા શરૂ કરાતા કપાતના અસરગ્રસ્તોમાં દેકારો બોલી ગયો હોવાનું જાણવા મળે છે.આ રોડ રૈયા ગામથી સીધો સ્માર્ટ સીટીને ટચ કરે છે. પરંતુ ત્યાં મુળ ગામ વખતના અનેક બાંધકામો રહેલા છે. તેમાંથી ઘણા મકાનોના ફળીયા, દિવાલ સહિતના ભાગ રોડના નકશામાં આવે છે. આ રૈયા ગામથી સ્માર્ટ સિટી સુધી જતો રોડ હાલ ૮૦ ફુટ પહોળાઈનો છે, તેની બન્ને બાજુ કપાત કરી ૧૫૦ ફૂટ પહોળાઈનો કરવા માટે ૭૦ ફૂટ મતલબ કે બન્ને બાજુ અંદાજે સરેરાશ ૩૫-૩૫ ફૂટ જેટલી કપાત આવી શકે છે.રૈયા ગામ સુધીના વિસ્તારમાં ૬૦થી વધુ મિલકતો કપાતમાં આવે છે અને ગામથી આગળના વિસ્તારમાં સરકારી જમીનો આવે છે જે સંપાદિત  દરમિયાન તાજેતરમાં આ અંગેની નોટિસોની બજવણી તેમજ ડિમાર્કેશન કરવામાં આવતા કપાતના અસરગ્રસ્તોમાંથી વળતરની માંગ ઉઠી છે.

## ગોલ્ડ માર્કેટમાં મોટું સંકટ: સોના-ચાંદીની સપ્લાય પર બ્રેક

# સોનાની તંગી; સપ્લાય ખોરવાતા બજારમાં હાહાકાર

## કસ્ટમ્સ ક્લિઅરન્સ અટકતા દેશમાં સોના-ચાંદીની આયાત ઠપ્પ !




**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

કસ્ટમ્સ સત્તાવાળા દ્વારા ક્લિઅરન્સ ઓર્ડર જારી કરવામાં નહીં આવતા દેશમાં સોનાચાંદીની આયાત અવરોધાઈ હોવાનો બજારના સુત્રો દાવો કરી રહ્યા છે. ભારતના વાણિજ્ય મંત્રાલયે સોનાચાંદીની બેન્કો મારફત આયાત કરવા નવી યાદી ઢીલમાં જાહેર કરી હતી ત્યારે હવે કસ્ટમ્સ સત્તાવાળા દ્વારા તેમનો પોતાનો અલગ ક્લિઅરન્સ ઓર્ડર બહાર પડાયો નથી જે વિદેશમાંથી આવતા માલસામાનને છૂટો કરવા બંદર તથા એરપોર્ટ સત્તાવાળા માટે આવશ્યક હોય છે.અક્ષય તૃતિયા બાદ જ્વેલરો સોનાચાંદીનો સ્ટોક વધારવા માગે છે, પરંતુ બેન્કો તરફથી માલ મળતો નહીં હોવાનો દાવો કરાઈ રહ્યો છે. નવું નાણાં વર્ષ શરૂ થયાને એક મહિના કરતા વધુ સમય વીતિ જવા છતાં, બેન્કો કન્સાઈનમેન્ટની ડિલિવરી લઈ શકતી નથી. ઈન્ટીગ્રેટેડ ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસમાંથી સોનાચાંદીને મુક્તિ અપાશે કે કેમ તે મુદ્દે બેન્કો સ્પષ્ટતા ઈચ્છી રહી હોવાનું એક બેન્કરે જણાવ્યું હતું.સોનાચાંદીને અગાઉ મુક્તિ અપાઈ હતી પરંતુ તે ચાલુ રહેશે કે કેમ તે મુદ્દે કોઈ સ્પષ્ટતા નથી.ઊંચા ભાવને કારણે સોનાચાંદીની માગ પર અસર પડી છે, પરંતુ આયાત ઢીલને કારણે ઘરઆંગણે માલની અછત પ્રવર્તી રહી હોવાનો સ્થાનિક ટ્રેડરે દાવો કર્યો હતો.આંતરરાષ્ટ્રીય ભાવ સામે ઘરઆંગણે સોનાના ભાવ પર પ્રતિ ઔંસ ૨૦ ડોલર પ્રીમિયમ બોલાઈ રહ્યું છે.

## સોના-ચાંદીની આયાત અટકવાના મુખ્ય કારણો

- વાણિજ્ય મંત્રાલયે નવી આયાત યાદી જાહેર કરી, પરંતુ કસ્ટમ્સ ક્લિઅરન્સ ઓર્ડર હજુ બહાર પડ્યો નથી.
- બંદર અને એરપોર્ટ સત્તાવાળાઓ પાસે માલ છોડવા જરૂરી મંજૂરીનો અભાવ.
- બેન્કો IGST (ઈન્ટિગ્રેટેડ GST) મુક્તિ મુદ્દે સ્પષ્ટતા માગી રહી છે.
- નવા નાણાકીય વર્ષની આયાત પરવાનગી આ વર્ષે મોડેથી જાહેર થઈ.
- બેન્કો કન્સાઈનમેન્ટની ડિલિવરી લઈ શકતી નથી, જેથી જ્વેલરોને માલ મળતો નથી.
- હાલ આયાતનો મુખ્ય રસ્તો માત્ર India International Bullion Exchange હોવાથી સપ્લાય ધીમી પડી.
- એક્સચેન્જ મારફત આયાતમાં વધુ સમય અને વર્કિંગ કેપિટલ અટવાવાની સમસ્યા.
- આંતરરાષ્ટ્રીય ભાવ સામે સ્થાનિક બજારમાં સોનાં પર પ્રતિ ઔંસ ૨૦ ડોલર સુધી પ્રીમિયમ બોલાઈ રહ્યું છે.
- ઊંચા ભાવ અને ધીમી આયાતને કારણે ઘરઆંગણે સોનાચાંદીની અછત સર્જાવાના એંધાણ





### નિતિન ગડકરીનો સંકેત

# દેશમાંથી ટોલ પ્લાઝા થશે ગાયબ?

## નવી સિસ્ટમ મુસાફરો માટે રૂ. 125 થી 150ના હાલના ટોલને ઘટાડી 15 રૂપિયા કરી 3000નો પાસ બનશે 200 ટોલ ક્રોસિંગ પર મુસાફરી કરી શકશે

### ભવિષ્યની યોજના જાહેર : ટોલ પ્લાઝા પર વાહનોને રોકવાની જરૂર નહી





સિટી ન્યૂઝ@સુરત

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે ૨૦૨૬ના અંત સુધીમાં દેશભરમાંથી ટોલ પ્લાઝા દૂર કરી શકાય છે. તેને એક નવી સિસ્ટમ દ્વારા બદલવામાં આવશે જેમાં વાહનો રોકાયા વિના મુસાફરી કરી શકશે અને ફક્ત મુસાફરી કરેલા અંતરના આધારે ટોલ ચૂકવવો પડશે.

ટાઈમ્સ ગ્રુપના 'ટાઈમ્સ ડ્રાઈવ ઓટો સમિટ એન્ડ એવોર્ડ્સ ૨૦૨૬'માં મુખ્ય મહેમાન ગડકરીએ જણાવ્યું હતું કે નવી સિસ્ટમ નંબર પ્લેટ ઓળખ ટેકનોલોજી અને જખ્ર્લ્વી પર આધારિત હશે. આ હેઠળ, વાહનોને ટોલ બૂથ પર રોકાવાની જરૂર રહેશે નહીં. આ સિસ્ટમ ૮૫ ટોલ પોઈન્ટ પર લાગુ કરવામાં આવી છે અને વર્ષના અંત સુધીમાં દેશભરમાં લાગુ કરવાની યોજના છે.

નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે નવી સિસ્ટમ નંબર પ્લેટ ઓળખ ટેકનોલોજી અને જખ્ર્લ્વી પર આધારિત હશે. ગડકરીએ દાવો કર્યો હતો કે નવી સિસ્ટમ મુસાફરી ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરશે. રૂ.૧૨૫-૧૫૦ ના વર્તમાન ટોલને લગભગ રૂ.૧૫ સુધી ઘટાડી શકાય છે. તેમણે રૂ.૩,૦૦૦ પાસનો પણ ઉલ્લેખ કર્યો હતો, જે ૨૦૦ ટોલ ક્રોસિગ પર મુસાફરીને સક્ષમ બનાવી શકે છે. તેમણે કહ્યું કે દિલ્હી-જયપુર, દિલ્હી-દહેરાદૂન, અમૃતસર, કટરા અને શ્રીનગર સહિત અનેક હાઈવે કોરિડોર પર કામ ઝડપથી ચાલી રહ્યું છે. દિલ્હી-ચેન્નાઈ અને ચેન્નાઈ-બેંગલુરુ એક્સપ્રેસવે પ્રોજેક્ટ્સની પ્રગતિનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. અગાઉ, નીતિન ગડકરીએ ભારતની પ્રથમ મલ્ટી-લેન ફ્રી ફ્લો (MLFF) અવરોધ-મુક્ત ટોલિગ સિસ્ટમ શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ સિસ્ટમ ગુજરાતમાં NH-૪૮ ના સુરત-ભરૂચ સેક્શન પર ચોર્યાસી ટોલ પ્લાઝા પર શરૂ કરવામાં આવી હતી, જેનાથી વાહનો રોકાયા વિના ટોલ ચૂકવી શકે છે. આ આધુનિક સિસ્ટમ ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન (ANPR) જેવી અદ્યતન તકનીકોનો ઉપયોગ કરે છે, જે વાહન ચાલતા જતા ટોલ કાપવાની મંજૂરી આપે છે.

## સાયબર પોલીસ સ્ટેશનમાં કરોડોની સેટિંગનો ભાંડા ફોડ

# ઓનલાઈન સટ્ટા કૌભાંડમાં ‘ખાખી’ જ ફસાઈ; નાગપૂરના 9 પોલીસ કર્મચારી સસ્પેન્ડ




## તપાસમાં ખુલ્લા ખાખીના કાળા કરતૂન 2 PI સહિત 9 પોલીસ ઘરભેગા

## ઓનલાઈન સટ્ટાબાજી રેકેટની તપાસમાં એવું બહાર આવ્યું કે સાયબર પોલીસ સ્ટેશનના કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ આરોપીઓના સંપર્કમાં હતા

**સિટી ન્યૂઝ@મહારાષ્ટ્ર**

મહારાષ્ટ્રના નાગપુરમાં સાયબર પોલીસ સ્ટેશન સાથે જોડાયેલી એક મોટી ઘટનામાં કડક વિભાગીય કાર્યવાહી કરવામાં આવી છે. સ્ટેશન ઇન્ચાર્જ સહિત નવ પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ કાર્યવાહી આરોપીઓ સાથે નાણાકીય વ્યવહારોના આરોપો અને ઓનલાઈન સટ્ટાબાજી અને છેતરપિંડી સંબંધિત કેસમાં શંકાસ્પદ ભૂમિકાને પગલે કરવામાં આવી છે. સસ્પેન્ડ કરાયેલા પોલીસ અધિકારીઓમાં બલિરામ સુતાર, યોગેશ ખરે, વિજય રાણે, પ્રફુલ્લ ઠાકરે, સતીશ વાઘ, શ્રીકાંત ગોનેકર, સુશીલ ચાંગોલે, અજય પવાર અને સૌરભ હેવરકરનો સમાવેશ થાય છે.

આ મામલાની તપાસમાં ઓનલાઈન સટ્ટાબાજી કૌભાંડમાં કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓની ભૂમિકા બહાર આવી હતી. આરોપીઓ સાથે સંકળાયેલા કરોડો રૂપિયાના નાણાકીય વ્યવહારોનો પર્દાફાશ થયો હતો, જેના કારણે એક વરિષ્ઠ પોલીસ અધિકારીની આગેવાની હેઠળ તપાસ શરૂ થઈ હતી.

આ મામલો પહેલાથી જ શહેરના સાયબર પોલીસ સ્ટેશનમાં આંતરિક સંઘર્ષ અને તણાવથી ભરેલો હતો. થોડા દિવસો પહેલા, એક અધિકારી અને કર્મચારી વચ્ચે ઝઘડો થયો હતો, જેના કારણે તપાસ શરૂ થઈ હતી.

અહેવાલો અનુસાર, ઓનલાઈન સટ્ટાબાજી રેકેટની તપાસ દરમિયાન, એવું બહાર આવ્યું હતું કે સાયબર પોલીસ સ્ટેશનના કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ આરોપીઓના સંપર્કમાં હતા. એવો આરોપ છે કે આ વ્યક્તિઓ વચ્ચે કરોડો રૂપિયાના વ્યવહારો થયા હતા. આ ઘટના બાદ, વરિષ્ઠ અધિકારીઓની દેખરેખ હેઠળ તપાસ શરૂ કરવામાં આવી હતી.તપાસ દરમિયાન, સંડોવાયેલા પોલીસ અધિકારીઓના નિવેદનો નોંધવામાં આવ્યા હતા, અને પુરાવાના આધારે એક રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો અને પોલીસ કમિશનરને સુપરત કરવામાં આવ્યો હતો. રિપોર્ટમાં આરોપોની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, પોલીસ કમિશનર રવિન્દ્ર સિંઘલે કાર્યવાહી કરી હતી. તેમણે તાત્કાલિક અસરથી બે ઇન્સ્પેક્ટર, એક API (સહાયક પોલીસ ઇન્સ્પેક્ટર) અને છ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કર્યા હતા.

સસ્પેન્ડ કરાયેલા પોલીસ અધિકારીઓમાં બલિરામ સુતાર, યોગેશ ખરે, વિજય રાણે, પ્રફુલ્લ ઠાકરે, સતીશ વાઘ, શ્રીકાંત ગોનેકર, સુશીલ ચાંગોલે, અજય પવાર અને સૌરભ હેવરકરનો સમાવેશ થાય છે.

આ મામલાની તપાસમાં ઓનલાઈન સટ્ટાબાજી કૌભાંડમાં કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓની ભૂમિકા બહાર આવી હતી.આરોપીઓ સાથે સંકળાયેલા કરોડો રૂપિયાના નાણાકીય વ્યવહારોનો પર્દાફાશ થયો હતો, જેના કારણે એક વરિષ્ઠ પોલીસ અધિકારીની આગેવાની હેઠળ તપાસ શરૂ થઈ હતી.

આ મામલો પહેલાથી જ શહેરના સાયબર પોલીસ સ્ટેશનમાં આંતરિક સંઘર્ષ અને તણાવથી ભરેલો હતો.

### જેલમાં દિવાલોમાં પણ દિલ ધબકતું રહ્યું નફરતના યુગમાં પ્રેમના દીવા ફરી પ્રગટી ગયા

# જેલમાં હિન્દુ કેદીને મુસ્લિમ મહિલા જેલ અધિકારીને 'પ્રેમ' થયો'ને લગ્ન કર્યા




## આજીવન કેદની સજા બાદ કર્યા લગ્નઃ VHP નેતાએ કર્યું કન્યાદાન



**સિટી ન્યૂઝ@મહારાષ્ટ્ર**

સતના સેન્ટ્રલ જેલની સહાયક અધિક્ષક ફિરોઝા ખાતૂને હત્યાના કેસમાં સજા કાપી ચૂકેલા ધર્મેન્દ્ર (અભિલાષ) નામના યુવક સાથે હિન્દુ રીત-રિવાજ મુજબ લગ્ન કરી લીધા છે. ૫ મેના રોજ છતરપુર જિલ્લાના લવકુશ નગરમાં થયેલા આ લગ્નની સમગ્ર વિસ્તારમાં ચર્ચા થઈ રહી છે. અભિલાષ આજીવન કેદની સજા કાપી ચૂક્યો છે અને આશરે ૪ વર્ષ પહેલાં જેલમાંથી મુક્ત થયો હતો.

અહેવાલો મુજબ, ફિરોઝાના મુસ્લિમ પરિવારજનો આ સંબંધથી નારાજ હતા અને તેઓ લગ્નમાં સામેલ થયા નહોતા. આવી સ્થિતિમાં સતના વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા ઉપાધ્યક્ષ રાજબહાદુર મિશ્રાએ પત્ની સાથે માતા-પિતા બનીને કન્યાદાનની વિધિ કરી હતી. આ પ્રસંગે બજરંગ દળના કાર્યકર્તાઓ પણ હાજર રહ્યા હતા.

માહિતી મુજબ, સતના જેલમાં નિમણૂક દરમિયાન ફિરોઝા ખાતૂન વોરંટ ઈન્ચાર્જ તરીકે કાર્યરત હતી. તે સમયે હત્યાના કેસમાં સજા કાપી રહેલો અભિલાષ પણ જેલની અંદર વોરંટ સંબંધિત કામ કરતો હતો. આ દરમિયાન બંને વચ્ચે વાતચીત શરૂ થઈ, જે ધીરે ધીરે મિત્રતા અને પછી પ્રેમમાં બદલાઈ ગઈ. અભિલાષ જેલમાંથી મુક્ત થયા બાદ બંનેએ લગ્ન કરવાનો નિર્ણય લીધો હતો. અભિલાષ છતરપુર જિલ્લાના ચંદલાનો રહેવાસી છે. વર્ષ ૨૦૦૭માં ચંદલા નગર પરિષદના તત્કાલીન ઉપાધ્યક્ષ કૃષ્ણદત્ત દીક્ષિતની હત્યા કરી લાશ જમીનમાં દાટી દેવાના કેસમાં તેને આજીવન કેદની સજા થઈ હતી. આશરે ૧૪ વર્ષ જેલમાં રહ્યા બાદ તેના સારા આચરણના આધારે તેને મુક્ત કરવામાં આવ્યો હતો. લવકુશ નગરમાં બંનેના લગ્ન વૈદિક મંત્રોચ્ચાર સાથે સંપન્ન થયા હતા. લગ્નના સમાચાર સામે આવ્યા બાદ સતના જેલના અધિકારીઓ, કર્મચારીઓ અને કેદીઓએ પણ નવપરિણીત યુગલને શુભેચ્છાઓ પાઠવી હતી. આ લગ્ન પ્રેમ, સામાજિક બંધનો અને ધર્મથી ઉપર ઉઠીને લેવામાં આવેલા નિર્ણયને કારણે ચર્ચાનો વિષય બન્યા છે.

## રાજકોટમાં જન આંદોલન : રાષ્ટ્રપતિથી PM સુધી ગુંજ્યો અવાજ

# ગૌ માતાને રાષ્ટ્રમાતા ઘોષિત કરો, 60 હજારની સહિઓની સરકારને અલ્ટિમેટમ

### રાજકોટ મામલતદારને આવેદનપત્ર; કેન્દ્રમાં ગૌ સેવા કાનૂન બનાવવા ઉગ્ર માંગ






**સિટી ન્યૂઝ@રાજકોટ**

વૃંદાવનથી પ્રારંભ થયેલું દેશવ્યાપી 'ગૌ સમ્માન આહવાન અભિયાન' હવે રાજકોટ સુધી પહોંચ્યું છે. ભારતમાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાય, ગૌમાતાને 'રાષ્ટ્રમાતા'નો દરજ્જો મળે અને કેન્દ્રીય ગૌ સેવા મંત્રાલયની સ્થાપના થાય તેવી પ્રબળ માંગ સાથે આજે રાજકોટમાં જનચેતનાનો જુવાળ જોવા મળ્યો હતો. આ અભિયાન અંતર્ગત શહેરના ૬૦,૦૦૦ નાગરિકોની સહી ધરાવતું આવેદનપત્ર પૂર્વ વિસ્તારના મામલતદાર મારફત દેશના વડાપ્રધાન, રાષ્ટ્રપતિ અને રાજ્યના મુખ્યમંત્રીને મોકલવામાં આવ્યું છે.

આ માંગણીઓને વેગ આપવા માટે આજે શહેરના બહુમાળી ભવન ચોકથી જૂની કલેક્ટર કચેરી સુધી એક વિશાળ રેલી કાઢવામાં આવી હતી. આ પ્રસંગે સ્વામી પરમાત્માનંદ સરસ્વતી અને સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થાના સંતો-મહંતો તેમજ મોટી સંખ્યામાં ગૌપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ રેલીમાં એક નાનકડા ગૌસેવક શૌર્ય કાકેચાએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. તેણે અત્યંત ગંભીર વાત કરતા જણાવ્યું કે, જો રસ્તા પર ગૌમાતા ભૂખી હોય અને આપણે મોં ફેરવી લઈએ, તો કોઈ કાયદો તેને બચાવી શકશે નહીં. ગૌશાળાઓ જ્યારે સંઘર્ષ કરતી હોય ત્યારે આપણું મૌન કોઈપણ અભિયાનને નિષ્ફળ બનાવી શકે છે. આજે આપણે માત્ર આવેદન આપવા નહીં, પણ ગૌસેવા માટેનો સંકલ્પ જાગૃત કરવા આવ્યા છીએ.

### ગૌમાતાની ઉપયોગીતા સમજવી અનિવાર્યઃ વલ્લભભાઈ કથિરીયા

રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ ચેરમેન અને પૂર્વ સાંસદ વલ્લભભાઈ કથિરીયાએ આ અભિયાન વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ આંદોલનનો મુખ્ય ઉદ્દેશ્ય ગૌ-આધારિત અર્થવ્યવસ્થા અને સંસ્કૃતિનું પુનર્નિર્માણ કરવાનો છે. હાલમાં જ્યારે જમીન પ્રદૂષિત થઈ રહી છે અને લોકોનું સ્વાસ્થ્ય બગડી રહ્યું છે, ત્યારે ગૌમાતાની ઉપયોગીતા સમજવી અનિવાર્ય છે. સરકારની વિવિધ યોજનાઓ દ્વારા ગૌ-સંવર્ધનને પ્રોત્સાહન મળે અને દરેક ઘરમાં ગૌમાતાનો વસવાટ થાય તેવા પ્રયાસો આ અભિયાન હેઠળ કરવામાં આવી રહ્યા છે.

### 'કોઈપણ કાયદો બને તે પહેલા જનઆંદોલન જરૂરી'

જ્યારે વલ્લભભાઈ કથિરીયાને પૂછવામાં આવ્યું કે શાસક પક્ષ ભાજપ હોવા છતાં હજુ સુધી ગૌમાતાને રાષ્ટ્રમાતા કેમ જાહેર કરાઈ નથી? ત્યારે તેમણે લોકશાહીનું મહત્વ સમજાવતા કહ્યું કે, કોઈપણ કાયદો બને તે પહેલાં જનજાગૃતિ અને જનઆંદોલન અત્યંત જરૂરી છે. જેમ રામમંદિર માટે લાંબો સંઘર્ષ થયો, તેમ ગૌમાતા માટે પણ લોકજુવાળ ઊભો થઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે પણ ગાય રાખીને ગૌસેવા અને પંચગવ્યના ઉપયોગનો સંદેશ આપી રહ્યા છે. આ જન અભિયાન દ્વારા એવું વાતાવરણ નિર્મિત થશે જે સાચા અર્થમાં રાષ્ટ્રનિર્માણ અને ગૌ-સંરક્ષણના કાર્યને સફળ બનાવશે.

# મનપાના 2 લાખના 1 BHK આવાસ માટે 2361 ઓનલાઈન ફોર્મ ભરાયા

## 2 BHK આવાસના 6 ખાલી ફ્લેટ માટે 724 અને 3 BHK આવાસ માટે 693 ફોર્મ ભરાયા



### કયા ફ્લેટ માટે કેટલી અરજીઓ આવી

| કેટેગરી | આવાસની ખાલી સંખ્યા | અરજીઓ |
|---|---|---|
| EwS (1 BHK) | 1057 | 2361 |
| LIG (2 BHK) | 6 | 724 |
| MIG (3 BHK) | 17 | 693 |
| કુલ | 1080 | 3778 |

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના આવાસ વિભાગ દ્વારા રૂા. બે લાખની કિંમતવાળા અને એલઆઈજી, એમઆઈજી આવાસ વેંચાણ માટે ફોર્મ બહાર પાડવામાં આવ્યા બાદ આજ સુધીમાં ૨૩૬૧ ફોર્મ ૨ બીએચકેના ૭૨૪ તથા ૩ બીએચકેના ૬૯૩ સહિત કુલ ૩૭૭૮ ફોર્મ જમા થયા છે.

કાલે ફોર્મ ભરવાનો અંતિમ દિવસ બાદ ડ્રોથી ફાળવણી કરવામાં આવશે તેમ આવાસ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું. મહાપાલિકા દ્વારા ૧૬ વર્ષ પહેલા પોપટપરા અને બીશપ હાઉસ પાછળ ૧ બીએચકે ૨-લાખના ૧૦૫૭ કવાર્ટર બનાવવામાં આવ્યા હતા. દરમ્યાપન હવે રૂા. બે-બે લાખમાં આ ફલેટ વેંચવા લાયકાતના ધોરણે અરજીઓ મંગાવવામાં આવતા અંતિમ દિવસ સુધીમાં ૧૦૫૭ ૧ બીએચકે ફલેટ સામે ૨૩૦૦થી વધુ અરજી આવી છે. જયારે મવડી પાળ રોડ પર આવેલ ૨ બીએચકેના ખાલી ૬ સામે ૭૨૪ તથા નાના મવા રોડ, વિમલનગર, દ્વાકાધીશ હાઇટસની સામે, મવડી પાળ રોડ પર આવેલ ૩ બીએચકેના ૧૭ સામે ૬૯૩ અરજીઓ આવી છે. આમ કુલ ૩૭૭૮ ફોર્મ ઓનલાઇન કાલે અંતિમ દિવસ સુધીમાં આવ્યાન છે. અરજદારોના ફોર્મની ચકાસણી બાદ માન્યસ રહેલા ફોર્મમાંથી ટુંક સમયમાં ડ્રો કરવામાંઆવશે તેમ સુત્રોએ જણાવ્યુન હતું.

# વેકેશન બેચ મામલે વિરોધ ખાનગી શાળાઓ બેકફૂટ પર

## શનિવારથી શહેરની તમામ ખાનગી શાળાઓ સંપૂર્ણ બંધ રાખવાનો નિર્ણય

### » CM પોર્ટલ અને DEO કચેરીએ ફરિયાદોનો મારો ચાલતા સંચાલક મંડળ ઝૂક્યું

### » વેકેશનમાં ક્લાસ ચાલુ રાખનાર શાળાઓ સામે કોંગ્રેસે હલ્લાબોલની ચીમકી ઉચ્ચારી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેર અને જિલ્લામાં 'વેકેશન બેચ' ના નામે ખાનગી શાળાઓ દ્વારા સરકારના જાહેર કરાયેલા વેકેશનનો ભંગ કરીને શૈક્ષણિક પ્રવૃત્તિઓ ચાલુ રાખવાના મુદ્દે ભારે વિવાદ ઉભો થયો હતો. આ મુદ્દે કોંગ્રેસના વિદ્યાર્થી નેતા રોહિતસિંહ રાજપૂતે જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ કડક રજૂઆત કરી હતી. સતત વધતા વિરોધ અને દબાણ વચ્ચે આખરે રાજકોટ ખાનગી શાળા સંચાલક મંડળે મહત્વપૂર્ણ નિર્ણય લઈ આવતી શનિવારથી તમામ ખાનગી શાળાઓ સંપૂર્ણપણે બંધ રાખવાની જાહેરાત કરી છે.

અનેક શાળાઓમાં ખાસ કરીને ધોરણ ૧૦ અને ૧૨ બાદ વેકેશન બેચના નામે વિદ્યાર્થીઓને બોલાવી વધારાની ફી ઉઘરાવવામાં આવતી હોવાના ગંભીર



આક્ષેપો સામે આવ્યા હતા. કોંગ્રેસે આ સમગ્ર મામલાને શિક્ષણના વ્યાપારીકરણ સાથે જોડીને વિદ્યાર્થીઓ પર વધારાના માનસિક દબાણનો મુદ્દો ઉઠાવ્યો હતો. વેકેશનનો હેતુ વિદ્યાર્થીઓને માનસિક અને શારીરિક આરામ આપવાનો છે, પરંતુ કેટલાક ફી લાલચુ શાળા સંચાલકો વેકેશનને પણ કમાણીનું સાધન બનાવી રહ્યા હતા.

નવાઈની બાબત એ છે કે રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારીએ ગઈકાલે વેકેશન અંગે પરિપત્ર જાહેર કર્યો હોવા છતાં તેમાં ક્યાંય સ્પષ્ટ ઉલ્લેખ નહોતો કે વેકેશન દરમિયાન શૈક્ષણિક કાર્ય શરૂ રાખી શકાશે નહીં અથવા નિયમ ભંગ બદલ કડક કાર્યવાહી થશે. DEO ની આ નબળી કામગીરી સામે સવાલો ઊભા થયા છે. સતત વિરોધ છતાં શિક્ષણ તંત્ર શાળા સંચાલકો સામે કેમ નરમ વલણ અપનાવી રહ્યું હતું તે ચર્ચાનો વિષય બન્યો છે. જોકે, વિદ્યાર્થીઓ અને વાલીઓએ CM પોર્ટલ અને DEO કચેરીએ ફરિયાદોનો મારો ચલાવતા સંચાલકોને ઝૂકવું પડ્યું છે.

### હજુ કોઈ શાળા ચાલુ રહેશે તો હલ્લાબોલ કરીશું

**આ અંગે કોંગ્રેસના નેતા રોહિતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, આ નિર્ણય એ વિદ્યાર્થીઓના હક્કોની જીત છે. વિદ્યાર્થીઓને બળજબરીથી પૈસાની લાલચે શિક્ષણ આપવું તે કદાપિ ચલાવી લેવાય નહીં. આ નિર્ણય સંચાલક મંડળે વિદ્યાર્થીઓના ભારે વિરોધ બાદ લીધો છે, જો કે આ અંગેની કડકાઈપૂર્વક સ્પષ્ટતા જિલ્લા શિક્ષણાધિકારીએ કરવાની જરૂર હતી. જો હજુ પણ કોઈ શાળા વેકેશનમાં શરૂ રાખવાની ફરિયાદ અમને મળશે તો અમે ત્યાં જઈને ઉગ્ર હલ્લાબોલ કરીશું તેવી સ્પષ્ટ ચેતવણી ઉચ્ચારી છે.**

## IMFની ભારતને કડક ચેતવણી

# પેટ્રોલ-ડીઝલ મોંઘુ નહીં કરો તો અર્થતંત્ર ડગમગી જશે

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલતા યુદ્ધની વચ્ચે ક્રૂડ ઓઇલની કિંમતમાં નોંધપાત્ર વધારો થયો છે. આ દરમિયાન આઇએમએફ (ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ)ના એશિયા પેસિફિક વિભાગના ડિરેક્ટર કૃષ્ણ નિવાસને જણાવ્યું છે કે ભારત સરકારે વહેલા કે મોડા ભાવ વધારવા જ પડશે, જો નહીં વધારે તો અર્થતંત્ર પર અસર પડશે. તેની વચ્ચે ભારત સરકારે ભાવમાં વધારો નહી કરવાનું રટણ જારી રાખ્યું છે.



તેમનું કહેવું છે કે ભારતે આગામી દિવસોમાં પેટ્રોલ-ડીઝલની કિંમતમાં વધારો કરવા પર ધ્યાન આપવું પડશે. તેમણે જણાવ્યું હતું કે જો ક્રૂડ ઓઇલની કિંમતમાં વધારો થયો હોવા છતાં તેના ભાવમાં વધારો કરવામાં ન આવ્યો તો તેની સીધી અસર બજાર પર પડશે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે જો ખાતરની કિંમત ઘટાડવામાં આવે તો લોકોના ખિસ્સા પર ઓછી અસર પડશે.

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલતા તનાવના લીધે ક્રૂડ ઓઇલના પુરવઠા પર અસર પડી છે. તેના લીધે ક્રૂડની કિંમત સતત વધી રહી છે. બ્રેન્ટ ક્રૂડની કિંમત પ્રતિ બેરલ ૧૧૦ ડોલર ઉપર ટ્રેડ થઈ રહી છે.

૩૦ એપ્રિલ સુધી ભારતના ક્રૂડ બાસ્કેટ પ્રતિ બેરલ ૧૧૮.૭૦ ડોલરના હિસાબે ચાલી રહ્યું હતું. મધ્યપૂર્વનો તનાવ ફેબ્રુઆરી ૨૦૨૬થી ચાલી રહ્યો છે. તેના કારણે ફક્ત પેટ્રોલ-ડીઝલ જ નહીં કોમર્સિયલ અને ગેસના બાટલાના ભાવમાં પણ વધારો થયો છે.

ફક્ત એટલું જ નહીં દેશભરના લોકો તેની કમીનો સામનો કરી રહ્યા છે. આવામાં આઇએમએફ તરફથી આવેલું નિવેદન ઊંઘ ઉડાડી દેનારું છે.

## NCRBનો રિપોર્ટ: 2024માં કુલ 58.85 લાખ કેસ નોંધાયા

# દેશમાં ગૂનાઓમાં 6%નો ઘટાડો




**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

દેશભરમાં ૨૦૨૪માં નોંધાયેલા ગુનાઓની સંખ્યામાં ૬ ટકાનો ઘટાડો થયો છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB) અનુસાર, ૨૦૨૩માં ૬૨.૪૧ લાખ કેસની સરખામણીમાં ૨૦૨૪માં ૫૮.૮૫ લાખ કેસ નોંધાયા હતા. આ માહિતી બુધવારે જાહેર કરાયેલા રિપોર્ટમાં આપવામાં આવી હતી.રિપોર્ટ અનુસાર, ક્રાઈમ રેટ એટલે કે પ્રતિ એક લાખ વસ્તીએ નોંધાયેલા કેસોની સંખ્યા પણ ઘટી છે. તે ૨૦૨૩માં ૪૪૮.૩થી ઘટીને ૨૦૨૪માં ૪૧૮.૯ થઈ ગઈ છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે કુલ કેસોની સાથે ગુના દરમાં પણ ઘટાડો થયો છે. ૨૦૨૪માં હત્યાના કુલ ૨૭,૦૪૯ કેસ નોંધાયા. આ ૨૦૨૩ની સરખામણીમાં ૨.૪% ઓછું છે. રિપોર્ટ અનુસાર, હત્યાના કેસોમાં સૌથી મોટું કારણ આપસી વિવાદ રહ્યું. ત્યારબાદ બદલો કે દુશ્મની અને લાલચ જેવા કારણો સામે આવ્યા.

### મહિલાઓ વિરુદ્ધના ગુનાઓમાં 1.5%નો ઘટાડો

મહિલાઓ વિરુદ્ધના ગુનાઓમાં પણ ૧.૫%નો ઘટાડો નોંધાયો. મહિલાઓ વિરુદ્ધના ગુનાઓનો દર ૨૦૨૩માં ૬૬.૨થી ઘટીને ૨૦૨૪માં ૬૪.૬ થયો. ૨૦૨૪માં આવા ૪.૪૧ લાખ કેસ નોંધાયા, જ્યારે ૨૦૨૩માં આ સંખ્યા ૪.૪૮ લાખ હતી.અનુસૂચિત જાતિ (SC) વિરુદ્ધના ગુનાઓમાં પણ ૩.૬%નો ઘટાડો થયો. ૨૦૨૪માં ૫૫,૬૯૮ કેસ નોંધાયા, જ્યારે ૨૦૨૩માં આ સંખ્યા ૫૭,૭૮૯ હતી.અનુસૂચિત જનજાતિ (ST) વિરુદ્ધના ગુનાઓમાં ૨૩.૧%નો મોટો ઘટાડો નોંધાયો. ૨૦૨૪માં આવા ૯,૯૬૬ કેસ સામે આવ્યા, જ્યારે ૨૦૨૩માં ૧૨,૯૬૦ કેસ નોંધાયા હતા..'હર્ટ' એટલે કે ઈજા સંબંધિત કેસોમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો. આ કેસ ૨૦૨૩માં ૬.૩૬ લાખથી ઘટીને ૨૦૨૪માં ૪.૪૧ લાખ રહ્યા, એટલે કે ૩૦.૫૮%નો ઘટાડો થયો.

## મહિલાઓ અને SC અને ST વિરૂધ્ધના ગૂનાઓ પણ ઘટ્યા


AI IMAGE

## રજાની મજા બની સજા

# વડોદરા ઝૂ માં વાનરે બાળક પર હૂમલો કર્યો

**સિટી ન્યૂઝ@વડોદરા**

વડોદરાના પ્રખ્યાત સયાજીબાગ ઝૂમાં તાજેતરમાં બનેલી એક હૃદયદ્રાવક ઘટનાએ સહેલાણીઓની સુરક્ષા સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. રજાઓનો આનંદ માણવા આવેલા એક પરિવાર માટે આ પ્રવાસ કાયમી આઘાતમાં ફેરવાઈ ગયો હતો.  સુરતથી એક પરિવાર વડોદરાના સયાજીબાગમાં ફરવા માટે આવ્યો હતો. સવારના સમયે જ્યારે ઝૂમાં લોકોની ચહેલપહેલ વધી રહી હતી, ત્યારે અચાનક એક હિંસક વાનરે આ પરિવાર પર તરાપ મારી હતી. આ હુમલો એટલો ઓચિંતો અને ભયાનક હતો કે કોઈને બચાવવાની તક પણ મળી નહીં. વાનરે નિર્દોષ બાળક અને તેની માતાને પોતાનો શિકાર બનાવ્યા હતા.

વાનર અત્યંત આક્રમક મૂડમાં હતો. તેણે બાળકના ચહેરા પર પંજો માર્યો હતો, જેના કારણે બાળકના ગાલ પર ગંભીર ઈજાઓ થઈ હતી. માતાએ પોતાના બાળકને બચાવવા માટે પ્રયત્ન કર્યો ત્યારે વાનરે તેમના પર પણ હુમલો કર્યો હતો. લોહીલુહાણ હાલતમાં બાળકને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. ડોક્ટરોના જણાવ્યા મુજબ બાળકની હાલત સ્થિર છે, પરંતુ ચહેરા પરના ઊંડા ઘા રુઝાતા સમય લાગશે.

આ ઘટના બાદ ઝૂ મેનેજમેન્ટ અને વન વિભાગમાં દોડધામ મચી ગઈ છે. સહેલાણીઓની સુરક્ષામાં થયેલી આ મોટી ચૂકને પગલે વન વિભાગે તાત્કાલિક હિંસક વાનરને પકડવા માટે અલગ-અલગ ટીમો બનાવી છે. ઝૂના સંકુલમાં પાંજરા ગોઠવવામાં આવ્યા છે અને ટ્રેન્ક્યુલાઈઝર ગન સાથે નિષ્ણાતો તૈનાત કરવામાં આવ્યા છે.

સયાજીબાગ એ માત્ર વડોદરા જ નહીં પણ સમગ્ર ગુજરાતના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. ત્યારે આ ઘટનાએ કેટલાક પાયાના પ્રશ્નો ઊભા કર્યા છે.

- શું ઝૂમાં વન્ય પ્રાણીઓ અને મુલાકાતીઓ વચ્ચે પૂરતું અંતર જાળવવામાં આવે છે?
- રખડતા વાનરોનો ત્રાસ અટકાવવા માટે અગાઉ કેમ કોઈ પગલાં લેવાયા નહીં?
- આવી દુર્ઘટના સમયે ત્વરિત તબીબી સહાયની વ્યવસ્થા કેટલી સજ્જ છે?

વન્ય પ્રાણીઓના વિસ્તારમાં ફરતી વખતે સાવચેતી રાખવી અનિવાર્ય છે. ખાસ કરીને નાના બાળકો સાથે હોય ત્યારે વન્ય જીવોથી સુરક્ષિત અંતર જાળવવું જોઈએ. આશા રાખીએ કે તંત્ર આ ઘટનામાંથી પાઠ ભણીને ભવિષ્યમાં આવી દુર્ઘટના ન બને તે માટે સજ્જ બનશે.



## કંપારી છૂટી જાય એવો ખુલાસો

# ગાયબ હોટેલ માલિકનો મૃતદેહ મગરના પેટમાંથી બહાર આવ્યો



**સિટી ન્યૂઝ@કેપટાઉન**

સાઉથ આફ્રિકામાં ૫૯ વર્ષનાં ગૅબ્રિઅલ બતિસ્તા નામના હૉટેલ માલિક કેટલાય દિવસથી ગાયબ હતા. તેમની હૉટેલ પાસે આવેલી કોમાટી નામની નદીમાં પૂર આવ્યું એ પછીથી તેઓ ક્યાંય જોવા મળી નહોતા રહ્યા. લોકોને લાગ્યું હતું કે કદાચ તેઓ પૂરમાં તણાઈ ગયા હશે અથવા તો પાણીના વહેણ સાથે ક્યાંક દૂર પહોંચી ગયા હશે. પોલીસે ગૅબ્રિઅલને શોધવા માટે આકાશ પાતાળ એક કરી દીધા, પણ ક્યાંય તેમનો પત્તો લાગ્યો નહીં. આખરે થોડા દિવસ પછી રેસ્ક્યુ ટીમને એક જાયન્ટ કદનો મગર જોવા મળ્યો. તે નદી કિનારે જોવા મળ્યો હતો. તેનું પેટ ફુલેલું હતું અને અંદરના વજનને કારણે સુસ્ત થઈને હલચલ કર્યા વિના એમ જ પડ્યો રહેતો હતો. તેનું વર્તન સામાન્ય નહોતું.

તેને ડરાવવા છતાં તે હલતો નહોતો. તેનું પેટ જે રીતે ફુલેલું એ જોતાં રેસ્ક્યુ ટીમને શંકા ગઈ કે આ મગરભાઈ કદાચ આખેઆખા માણસને ગળી ગયા હોય એવું શક્ય છે. એ શંકાને આધારે રેસ્ક્યુ ટીમે વનઅધિકારીઓ પાસેથી તેને મારવાની પરવાનગી માગી. પરવાનગી લઈને તેમણે નદી કિનારે હેલિકૉપ્ટર ઉતાર્યું અને દોરડા સાથે મગરને બાંધીને ઍરલિફ્ટ કરીને સુરક્ષિત જગ્યાએ લઈ ગયા.

મગરનું પેટ ફાડીને જોવામાં આવ્યું તો એમાંથી માણસના શરીરના કેટલાક હિસ્સા મળ્યા. હાથ, પાંસળીઓ અને પગના હાડકાં બે ભાગમાં છૂટા થઈ ગયા હતા. જોકે એક આંગળીમાં પહેરેલી વીંટીના આધારે રેસ્ક્યુ ટીમે એ મરનાર વ્યક્તિ ગૅબ્રિઅલ જ હતો એવું પાકું કર્યું. આ જ મગરના પેટમાંથી છ જોડી જૂતાં પણ મળ્યા હતા.






# ગોપાલ મમ્મી-પપ્પા સાથે આંખ મીલાવી શકયો નહીં, નીશી લોકઅપના સળીયામાંથી ગોપાલનો હાથ પકડી રડતી રહી

ગોપાલને પોલીસના આવા મારની કલ્પના નહોતી. લીમડાનું ઝાડ પકડાવી પોલીસે ગોપાલને થર્ડ ડિગ્રી આપી; તેના માટે ગોપાલ જરા પણ તૈયાર નહોતો. છતાં તેના શરીર કરતાં તેનું મન વધારે મજબૂત હતું. પોલીસની એક એક લાઠી વીંઝાય ત્યારે ગોપાલ પોતાની જાતને કહેતો, "તારે ચૂપ રહેવાનું છે." લગભગ અડધો કલાક અલગ અલગ પોલીસવાળા ગોપાલને ફટકારતા રહ્યા. પણ ગોપાલ એકનો બે થયો નહીં. તેણે પોતાનું રટણ ચાલું રાખ્યું કે, તે કંઈ જ જાણતો નથી. ગોપાલને માર્યા પછી બે પોલીસવાળાએ તેનો હાથ પકડી પોલીસ સ્ટેશનની બહાર ચલાવવાની શરૂઆત કરી.પોલીસના મારને કારણે ગોપાલની જાંઘ એવી જામ થઈ ગઈ હતી કે, જાણે તેના પગ ઉપર પાંચસો કિલોનો બાટ બાંધ્યો હોય! તે ચાલી શકતો નહોતો, પણ પોલીસ તેને પરાણે ચલાવી રહી હતી. પોલીસનું પોતાનું એક સાયન્સ હોય છે. પોલીસને ખબર હોય છે કે, કોઈને થર્ડ ડિગ્રી માર માર્યા પછી જો બેસાડી દેવામાં આવે; તો જ્યાં માર પડ્યો હોય ત્યાં લોહી જામી જાય. અને આરોપી જો મારના નિશાન મેજિસ્ટ્રેને બતાવે, તો પોલીસ સામે કાર્યવાહી થાય. એટલે પોલીસ જ્યારે જ્યારે આરોપીને મારે, એ પછી આ પ્રકારે ચલાવતી હોય છે.પોલીસ મારીને થાકી ગઈ હતી, પણ ગોપાલ કંઈ જ બોલવા તૈયાર નહોતો. માત્ર એક પેલા આધેડ પોલીસવાળાના ચહેરા પર દયાનો ભાવ હતો. તેણે ગોપાલ ઉપર હાથ તો ઉપાડ્યો હતો; પણ જ્યારે ગોપાલને લીમડો પકડાવી માર મારવામાં આવી રહ્યો હતો ત્યારે તેના ચહેરા પર એવો ભાવ હતો કે, જાણે પોતાને માર પડી રહ્યો છે!થોડીવાર પછી એ આધેડ પોલીસવાળો ગોપાલની પાસે ગયો. તેણે આંખનો ઈશારો કરતા ગોપાલ સાથે રહેલા બીજા પોલીસવાળા જતા રહ્યા. આ પોલીસવાળો ગોપાલના ખભે હાથ મૂકી તેને એક તરફ લઈ ગયો. બહુ પ્રેમથી ગોપાલને કહ્યું, "છોકરા, કેમ આટલો માર ખાય છે? તારાથી ભૂલ થઈ; તો કંઈ વાંધો નહીં. હજી તારી ઉંમર નાની છે. ગુનો કબૂલ કરી લે અને જલદી આ દુનિયામાંથી નીકળી જા."ગોપાલે એ આધેડ પોલીસ સામે જોયું ગોપાલને લાગ્યું કે, જાણે તેના પિતા તેને સમજાવી રહ્યા છે. ગોપાલ ભાવુક થઈ ગયો. તેની આંખમાં આંસુ ધસી આવ્યાં. ગોપાલ પોતાના બધા જ પત્તા ખોલી નાખવાની તૈયારીમાં જ હતો; કે તરત તેના મને તેને ચેતવ્યો તે બોલ્યો, "દાદા સાચું કહું છું, મને




અડ્ડા પરથી જ આ નોટો મળી હતી."ગોપાલે પહેલી વખત એ આધેડ પોલીસવાળાને દાદા કહીને સંબોધન કર્યું. કારણ, એ પોલીસવાળાને બધા જ દાદા કહેતા હતા. દાદાના ચહેરા ઉપર નિરાશા છવાઈ ગઈ. તેઓ માની રહ્યા હતા કે, ગોપાલ ઉપર તેમના શબ્દોની અસર થશે; પણ તેવું થયું નહીં. દાદાએ થાકીને, પાછા વળીને સિગારેટનો કશ ખેંચી રહેલા પોલીસ અધિકારી સામે જોયું. પોલીસ અધિકારી દાદાની નજર જોઈ સમજી ગયા. તેમણે મોટા અવાજે કહ્યું, "દાદા તમને આવા છોકરા પર દયા આવે છે! આ સાલો રીઢો છે. તેમ નહીં માને, આવતીકાલે તેના બાપને લઈ આવો, પછી જોઈએ."ગોપાલ ફફડી ઉઠ્યો, પપ્પાને શું કામ પોલીસ સ્ટેશન બોલાવે છે? ગુનો મેં કર્યો છે, મારા બાપનો શું વાંક? પણ પોલીસની આ રમતને ગોપાલ સમજી શક્યો નહીં. જ્યારે બળથી કામ ન ચાલે ત્યારે કળનો ઉપયોગ કરવો પડે.પોલીસ હવે પપ્પાને પણ મારશે! આ વિચાર આવતાં જ તેના હૃદયના ધબકારા વધી ગયા. એક ક્ષણ તો તેને થયું કે, દાદાને હું બધું જ સાચું કહી દઉં. મારા પપ્પાને કંઈ કરશો નહીં. તેણે દાદા સામે જોયું. પણ કશું જ બોલવાની હિંમત થઈ નહીં.રાત્રે એક વાગ્યે ગોપાલને ફરી લોકઅપમાં મૂકવામાં આવ્યો. તેને ચાલવામાં તકલીફ પડી રહી હતી. લોકઅપમાં રહેલા પેલા બે ચેઈન સ્નેચર્સ ઘોડા વેચીને સૂઈ ગયા હતા. ગોપાલ આડો તો પડ્યો, પણ પીઠની નીચેના ભાગમાં અને પગમાં અસહ્ય કળતર થતું હતું. તે સૂઈ જ શક્યો નહીં. તેને પડખું ફરવું હતું, પણ એટલીયે તાકાત તેનામાં રહી નહોતી. પડખું ફરવાનો પ્રયત્ન કર્યો; તો જાણે કોઈએ છરો માર્યો હોય તેવી પીડા થતી હતી! આંખો બંધ કરે તો પણ; ઊંઘ જાણે દૂર ભાગી રહી હતી!

તેણે ત્રાંસી નજરે લોકઅપ બહાર જોયું. બે-ત્રણ પોલીસવાળાએ બાકડા ઉપર લંબાવ્યું હતું. પોલીસ સ્ટેશનમાં બરાબર વચ્ચે બેઠેલા હેડ કોન્સ્ટેબલ, જેમના ટેબલ પર પી.એસ.ઓ.નું બોર્ડ માર્યું હતું; તે દીવાલ ઉપર લાગેલા ટીવી ઉપર હિન્દીમાં ડબ કરેલી દક્ષિણ ભારતની ફિલ્મ જોઈ રહ્યા હતા. ગોપાલને ખબર જ ન પડી કે, ક્યારે આંખ મળી ગઈ. તેની આંખ ખોલવા માટે એક પોલીસવાળાએ રીતસર તેની પીઠમાં જોરથી પગ માર્યો. તેણે ઝબકીને આંખ ખોલી. સવાર પડી ગઈ હતી. ગોપાલે પોલીસવાળા સામે જોયું. તો તેણે જવાબમાં એક ગાળ આપી. ગોપાલને ખબર નહોતી કે, લોકઅપમાં ગૂડ મોર્નિંગ પણ આવી રીતે કહેતા હશે! પોલીસે ગાળ પૂરી થતાં જ કહ્યું, "જો, ત્યાં ચા મૂકી છે. લઈ લે."ગોપાલ પરાણે ઊભો થયો. પેલો પોલીસવાળો બબડી રહ્યો હતો. "સાલાઓ આપણા જમાઈ હોય તેમ આપણે ચા પાણી અને


પ્રશાંત દયાળ

જમવાની વ્યવસ્થા કરવાની." આટલું બબડીને તે લોકઅપની બહાર નીકળી ગયો અને લોકઅપને બહારથી લોક કર્યું. પેલા બે સ્નેચર્સ ઊઠી ગયા હતા. તેઓ બહાર કેવી રીતે નીકળવું તેની ચર્ચામાં હતા. તેમનું ધ્યાન આજે ગોપાલ તરફ નહોતું.

લગભગ સવારના દસ વાગ્યા હશે, ગોપાલ લોકઅપના સળિયા પકડીને બેઠો હતો. તે પોતાનો સમય પસાર કરવા પોલીસ સ્ટેશનમાં થઈ રહેલી પ્રવૃત્તિ જોઈ રહ્યો હતો. લોકઅપની ભૂગોળ એવી હતી કે, પોલીસ સ્ટેશનમાં દાખલ થનારને લોકઅપમાં બેઠેલી વ્યક્તિ જોઈ શકે. તેનું ધ્યાન ક્યારેક દરવાજા તરફ પણ જતું. તેણે જોયું કે, પેલો આધેડ પોલીસવાળો પોલીસ સ્ટેશનમાં દાખલ થયો. તેની પાછળ ગોપાલના પપ્પા, મમ્મી અને નિશી હતા. ગોપાલને ફાળ પડી, હવે શું થશે! તેની નજર એકદમ નીચી થઈ ગઈ. જાણે ગોપાલે તેમને જોયા જ નથી! અચાનક દાદાનો અવાજ કાને પડ્યો, "જુઓ પેલો રહ્યો, મળી લો એને."

ગોપાલે નજર ઊંચી કરી, મમ્મી અને નિશીની આંખો ત્યારે જ ભીની થઈ ગઈ હતી. ગોપાલના પપ્પા નજીક આવ્યા નહીં. મમ્મી અને નિશીને રડતાં જોઈ ગોપાલ પોતાને રોકી શક્યો નહીં. નિશી પાસે આવીને ગોપાલ સળિયા પકડી ઊભો હતો. તેણે તેના હાથ ઉપર પોતાનો હાથ મૂક્યો. જાણે તે કહેવા માગતી હતી કે, "હું તારી સાથે છું." મમ્મીએ રડતાં રડતાં સળિયાની અંદર હાથ નાખી ગોપાલના ગાલે સ્પર્શ કરતાં કહ્યું, "અરે મારા ગોપુ, તે આ શું કર્યું!" ગોપાલે ગાલ પર ફરી રહેલો મમ્મીનો હાથ પકડી લીધો. મમ્મીનું રુદન આક્રમક થયું. ગોપાલ કંઈ જ બોલી શક્યો નહીં.પેલો આધેડ પોલીસવાળો ગોપાલના પપ્પા સાથે વાત કરી રહ્યો હતો. પાંચ-સાત મિનિટ થઈ પણ હજી ગોપાલને નિશી અને મમ્મી સાથે કોઈ જ સંવાદ થયો નહોતો. એવામાં પી.એસ.ઓ.એ બૂમ પાડી, "ચાલો, મળી લીધું હોય તો નીકળો."ગોપાલે સળિયામાં રહેલો હાથ પાછો ખેંચી લીધો. જાણે તે નિશીને કહેવા માગતો હતો કે, "હવે તું ઘરે જા." મમ્મી અને નિશી પાછળ જોતાં જોતાં દરવાજા તરફ ગયાં.ગોપાલને પપ્પાનો છેલ્લો અવાજ કાને પડ્યો. "સાહેબ, તમારી સામે મારી કોઈ ફરિયાદ નથી. તમે તો તમારું કામ કર્યું છે. ભૂલ તો અમારી છે. અમે જ ખોટાં પડ્યાં." ગોપાલ માટે પપ્પાના એક એક શબ્દ પોલીસની લાઠી કરતાં પણ વધારે પીડાદાયક હતા. ગોપાલે એ તરફ નજર કરી તો જોયું કે, પપ્પા આધેડ પોલીસવાળા સામે હાથ જોડીને ઊભા છે. ગોપાલને બહુ લાગી આવ્યું. પપ્પાએ એક પણ વખત ગોપાલ સામે ન જોયું કે લોકઅપ તરફ નજર સુધ્ધાં ન કરી. તેઓ તરત પોલીસ સ્ટેશનની બહાર નીકળી ગયા. તેમને પણ ડર હતો કે, ગોપાલ સામે જોશે તો તે પણ રડી પડશે. ગોપાલ પપ્પાને પોલીસ સ્ટેશનની બહાર નીકળતા જોઈ રહ્યો. (ક્રમશઃ)

### ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલની જાહેરાત

# સુરતમાં બનશે ખોડલધામ

**સિટી ન્યૂઝ@સુરત**

દક્ષિણ ગુજરાતમાં સુરત જિલ્લાના કામરેજ તાલુકાના અંત્રોલી ગામે ખોડલધામ મંદિર સંકુલ બનશે જેનું નવરાત્રિમાં ભૂમિપૂજન થશે. અંત્રોલી ખાતે અંદાજે ૪૨ વીઘા જમીન પર ખોડલધામ સંકુલ બનશે. ખોડલધામ ટ્રસ્ટના આગેવાનોએ મંગળવારે અંત્રોલી ગામે મુલાકાત કરીને ખોડલધામ સંકુલ માટે જમીન ફાઈનલ કરી હતી.ખોડલધામ ટ્રસ્ટ, કાગવડના ચૅરમૅન નરેશ પટેલે આ જાહેરાત કરીને કહ્યું હતું કે 'અંત્રોલી ગામે ખોડલધામ માટે ટ્રસ્ટ દ્વારા જમીન સંપાદન કરવામાં આવી છે. ટ્રસ્ટીઓ સાથે ચર્ચા કર્યા બાદ આ જમીન ખરીદવામાં આવી છે. આગામી દિવસોમાં આ જગ્યાએ ખોડલધામ મંદિર સંકુલ બનશે. દક્ષિણ ઝોનના ખોડલધામ મંદિર સંકુલમાં ખોડલ માતાજીના ભવ્ય મંદિરની સાથે સમાજ-ઉપયોગી અન્ય વિવિધ પ્રકલ્પો પણ સાકાર થશે. આ નવા સંકુલના નિર્માણથી દક્ષિણ ગુજરાતમાં વસતા લાખો શ્રદ્ધાળુઓ માટે આસ્થા, સંગઠન અને સમાજ-ઉત્કર્ષનું એક નવું કેન્દ્ર ઊભું થશે. સંકુલમાં આવનારા સમયમાં મંદિર બનશે. આ ઉપરાંત આ સંકુલમાં શિક્ષણ અને આરોગ્ય જેવાં કાર્યો પણ થશે. દરેક સમાજના લોકોને અહીં આરોગ્ય અને શિક્ષણસેવાનો લાભ મળશે.'પત્રકારોને સંબોધતા નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતમાં ખોડલધામ મંદિર સંકુલના નિર્માણ માટે સુરત જિલ્લાના કામરેજ તાલુકાના અંત્રોલી ગામ ખાતે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા જમીનનું સંપાદન કરવામાં આવ્યું છે. ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના તમામ ટ્રસ્ટીશ્રીઓ સાથે ગહન વિચાર-વિમર્શ અને ચર્ચા કર્યા બાદ જમીન ખરીદીની આ જાહેરાત કરવામાં આવી છે. આગામી દિવસોમાં આ જગ્યાએ ખોડલધામ મંદિર સંકુલ- દક્ષિણ ઝોનનું ભૂમિપૂજન કરવામાં આવશે અને નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવશે. અંત્રોલી ગામે સંપાદિત કરાયેલી વિશાળ જમીન પર ખોડલધામ મંદિર સંકુલ- દક્ષિણ ઝોનનું ભવ્ય નિર્માણ કરવામાં આવશે.




**અંત્રોલી ગામે ખોડલધામ માટે ટ્રસ્ટે જમીન સંપાદન કરી**

# 11મીએ મોદી ગુજરાતમાં વડોદરા અને સોમનાથની મુલાકાત લેશે

### વડોદરામાં પાટીદારો કરશે PM મોદીનું સરદાર ગૌરવ એવોર્ડથી સન્માન

**સિટી ન્યૂઝ@સોમનાથ**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સહિત દેશમાં યોજાયેલી ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટી (BJP)એ ઝળહળતો વિજય મેળવ્યા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૧ મેએ ગુજરાત આવશે અને સોમનાથ તેમ જ વડોદરાની મુલાકાત લેશે. વડોદરામાં પાટીદારો દ્વારા તેમનું સરદાર ગૌરવ અવૉર્ડથી સન્માન થશે. ચૂંટણીઓમાં ભગવો લહેરાવ્યા બાદ નરેન્દ્ર મોદી વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથમાં દેવાધિદેવ સોમનાથ મહાદેવનાં દર્શન કરશે.એ ઉપરાંત જામનગરની પણ મુલાકાત લે એવી શક્યતા છે. નરેન્દ્ર મોદી વડોદરાને અડીને આવેલા વાઘોડિયા પાસે નવનિર્મિત સરદારધામ-૩નું લોકાર્પણ કરશે. સરદારધામમાં પાટીદાર સમાજનાં ૨૦૦૦ જેટલાં દીકરા-દીકરી માટે રહેવાની વ્યવસ્થા, કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ, સ્કિલ ડેવલપમેન્ટ, સ્ટાર્ટઅપ સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે.



### 10 મેના રોજ બેંગલુરૂ મહોત્સવ

# આર્ટ ઓફ લિવિંગના 45 વર્ષ પૂર્ણ PM મોદી સહિત 182 દેશોના લોકો જોડાશે

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

બેંગલુરુમાં ૧૦ મેના રોજ 'આર્ટ ઓફ લિવિંગ'નો ૪૫મો સ્થાપના દિવસ સમારોહ યોજાશે. પીએમ મોદી કાર્યક્રમમાં મુખ્ય અતિથિ હશે. તેઓ કાર્યક્રમને સંબોધિત પણ કરશે.પીએમ આર્ટ ઓફ લિવિંગના આંતરરાષ્ટ્રીય કેન્દ્રમાં એક નવા 'ધ્યાન મંદિર'નું પણ ઉદ્ઘાટન કરશે. આ સાથે તેઓ માનસિક સ્વાસ્થ્ય, ગ્રામીણ વિકાસ, પ્રકૃતિ સંરક્ષણ સંબંધિત યોજનાઓ પણ શરૂ કરશે.આ કાર્યક્રમ શ્રી શ્રી રવિશંકરના ૭૦મા જન્મદિવસ નિમિત્તે આર્ટ ઓફ લિવિંગના આંતરરાષ્ટ્રીય કેન્દ્રમાં યોજાશે. ૧૮૨થી વધુ દેશોના લોકો આ કાર્યક્રમમાં જોડાશે. કેટલાક લોકો ઓનલાઈન પણ જોડાશે. ૨૫ અને ૨૬ મેના રોજ 'કેદી કલ્યાણ અને નીતિગત સુધારા' પર એક વિશેષ ચર્ચાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સાથે, વિદેશ મંત્રાલયના સહયોગથી 'બિમ્સટેક યુવા નેતૃત્વ આદાન-પ્રદાન' કાર્યક્રમ પણ યોજાશે.

## 8મેથી 15મે સુધી 'ઓનલાઈન' જ હરાજી થશે

# અમદાવાદ એરપોર્ટ પર મેગા હરાજી; iPhoneથી લઈને લકઝરી વોચ સસ્તામાં મળશે

## દાણચોરીમાં ઝડપાયેલો માલ હવે વેંચાશે સસ્તામાં




**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી છેલ્લા કેટલાક વર્ષોમાં દાણચોરી મારફતે લાવવામાં આવેલ અને કસ્ટમ વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવેલ કરોડો રૂપિયાના ઈલેક્ટ્રોનિક ગેજેટ્સની ભવ્ય મેગા હરાજી યોજાવા જઈ રહી છે. નોંધનીય છે કે, સોના અને ડ્રગ્સ બાદ હવે સૌથી વધુ દાણચોરી મોંઘી ઈલેક્ટ્રોનિક વસ્તુઓની થાય છે. વિદેશમાં આ ગેજેટ્સ સસ્તા મળતા હોવાથી, ખાસ કરીને દુબઈ, અબુ ધાબી અને શારજાહ જેવા ગલ્ફ દેશોમાંથી આવતા મુસાફરો ભારતમાં ઊંચી ડ્યુટી બચાવવાના ઈરાદાથી પોતાના સામાનમાં સંતાડીને એક કરતા વધુ પ્રીમિયમ સ્માર્ટફોન, સ્માર્ટવૉચ અને લેપટોપ ગેરકાયદેસર રીતે લાવતા પકડાતા હોય છે. વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૩ ના સમયગાળા દરમિયાન કસ્ટમ વિભાગની બાજ નજરથી બચી ન શકેલી અને જપ્ત કરાયેલી આવી જ કિંમતી વસ્તુઓનું ૮ મે થી ૧૫ મે સુધી ઓનલાઈન ઈ-ઓક્શન કરવામાં આવશે. એક દાયકામાં પ્રથમ વખત આટલા મોટા પાયે હરાજી યોજાઈ રહી હોવાથી લોકોમાં ભારે ઉત્સાહ છે, જેમાં સામાન્ય નાગરિકોને બજાર કિંમત કરતા ઘણા સસ્તા ભાવે લક્ઝુરીયસ વસ્તુઓ પોતાના નામે કરવાની સુવર્ણ તક મળશે.

આ હરાજીમાં મુખ્યત્વે આઈફોન ૧૧ થી લઈને લેટેસ્ટ ૧૫ સીરિઝના કુલ ૮૭ પ્રીમિયમ મોબાઈલ ફોન, એપલ વૉચ સીરિઝ ૬ સહિત ૨૭ અન્ય જાણીતી વિદેશી બ્રાન્ડની લક્ઝરી ઘડિયાળો અને અન્ય હાઈ-એન્ડ ગેજેટ્સનો સમાવેશ થાય છે. રસ ધરાવતા ખરીદદારો ભારત સરકારના માન્ય અને સુરક્ષિત પ્લેટફોર્મ, મેટલ સ્ક્રેપ ટ્રેડ કોર્પોરેશન લિમિટેડ (MSTC) ના માધ્યમથી આ સંપૂર્ણ ઓનલાઈન હરાજીમાં ભાગ લઈ શકશે. સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા જાળવવા અને ગ્રાહકોનો સંતોષ સુનિશ્ચિત કરવા માટે એરપોર્ટ પર આ તમામ જપ્ત કરાયેલી વસ્તુઓનું વિશેષ ડિસ્પ્લે પણ રાખવામાં આવ્યું છે. આ વ્યવસ્થાથી બિડર્સ હરાજીમાં બોલી લગાવતા પહેલા વસ્તુઓની પ્રત્યક્ષ ચકાસણી કરી શકશે અને તેની વર્તમાન સ્થિતિ (કન્ડિશન) નો યોગ્ય અંદાજ મેળવી શકશે. આ હરાજીમાં ભાગ લેવા માટે નિર્ધારિત પ્રક્રિયા મુજબ રજીસ્ટ્રેશન અને ડિપોઝિટ જમા કરાવવી ફરજિયાત છે. જપ્ત કરાયેલા માલને અલગ-અલગ સુવ્યવસ્થિત લોટમાં વિભાજિત કરાયો છે, જેથી ખરીદદારો પોતાની જરૂરિયાત મુજબના સ્પેસિફિક લોટ પર ઓનલાઈન બોલી લગાવી શકે.

### કેવી રીતે ખરીદી કરવી

- ઓનલાઈન રજીસ્ટ્રેશનઃ સૌથી પહેલા Metal Scrap Trade Corporation Limited (MSTC) ના સત્તાવાર ઈ-ઓક્શન પોર્ટલ પર જઈને તમારી પ્રાથમિક નોંધણી કરો.
- પ્રોફાઈલ અને KYCઃ તમારું પૂરું નામ, એક્ટિવ મોબાઈલ નંબર અને ઈમેલ ID નાખી લૉગિન બનાવો. ત્યારબાદ ID proof (જેમ કે આધાર કાર્ડ) તથા PAN કાર્ડ અપલોડ કરી જરૂરી KYC પ્રક્રિયા પૂર્ણ કરો.
- ડિપોઝિટ (EMD) ની ચુકવણીઃ હરાજીમાં નકલી બોલીઓ રોકવા અને માત્ર ગંભીર ખરીદદારોને જ તક આપવા માટે, તમે પસંદ કરેલા 'લોટ' ના અંદાજિત મૂલ્યના આધારે અગાઉથી Earnest Money Deposit (EMD) ભરવી ફરજિયાત છે. (જો તમે હરાજી ન જીતો તો આ રકમ રિફંડ મળવાપાત્ર છે).
- વસ્તુની પસંદગીઃ iPhone, Apple Watch અથવા અન્ય ગેજેટ્સને તેમની કેટેગરી અનુસાર અલગ-અલગ લોટમાં રખાયા છે, તેમાંથી તમારી પસંદગી અને બજેટ મુજબનો યોગ્ય લોટ સિલેક્ટ કરો.
- લાઈવ બિડિંગઃ નિર્ધારિત સમયે લાઈવ હરાજી શરૂ થશે. આ સ્પર્ધાત્મક માહોલમાં, સારા ઈન્ટરનેટ કનેક્શન સાથે, તમે તમારી પોસાય તેવી ઊંચી કિંમત (બોલી) લગાવી શકો છો.
- પેમેન્ટ અને ડિલિવરીઃ જો તમારી બોલી સૌથી ઊંચી હશે તો સિસ્ટમ દ્વારા તમને વિજેતા જાહેર કરાશે. ત્યારબાદ નિયત સમયમર્યાદામાં બાકીની રકમ ઓનલાઈન ચૂકવીને સંબંધિત ઓથોરિટી પાસેથી તમારી જીતેલી વસ્તુ મેળવી શકાશે.

# મોરબીની શરમજનક ઘટના

# પ્રેમ સબંધે લીધ જીવ : માતા-પ્રેમી સાથે મળી પત્નીએ પતિની હત્યા કરી

## 'ૐ' ના છૂંદણાથી પોલીસ આરોપી સુધી પહોંચી ત્રણેયની ધરપકડ

**સિટી ન્યૂઝ@મોરબી**

વાંકાનેરના ઢુવા-માટેલ રોડ પરથી મળેલી અર્ધબળેલી લાશનો ભેદ ઉકેલાયો છે. પત્નીએ જ પ્રેમી અને માતા સાથે મળીને પતિની હત્યા કરી હોવાનું ખુલતા પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી છે.

ગત ૨૮ એપ્રિલના રોજ રેસી સિરામિક પાસેની અવાવરુ જગ્યામાંથી હાથ બાંધેલી હાલતમાં પુરુષની અર્ધબળેલી લાશ મળી હતી. પોસ્ટમોર્ટમમાં સ્પષ્ટ થયું કે ૪ દિવસ પહેલા હત્યા કરી પુરાવાનો નાશ કરવા લાશ સળગાવી દેવાઈ હતી.

લાશ ખરાબ રીતે બળી ગઈ હોવા છતાં મૃતકના હાથ પર ત્રોફાવેલા 'ૐ' ના નિશાન, CCTV અને કોલ ડિટેલ્સના આધારે તેની ઓળખ મધ્યપ્રદેશના છગનભાઈ નિનામા તરીકે થઈ હતી. આ મામલે






પોલીસે ગણતરીના દિવસોમાં જ મૃતકની પત્ની સુમનબેન, પ્રેમી પવન નિનામા અને સાસુ દેવલીબાઈની ધરપકડ કરી છે.

તપાસમાં ખુલ્યું કે, ઝઘડાને કારણે સુમન છેલ્લા ૩ વર્ષથી પતિને છોડી ૨ સંતાનો સાથે પ્રેમી પવનકુમાર સાથે રહેતી હતી. તાજેતરમાં પતિને રસ્તામાંથી હટાવવાના પ્લાન મુજબ સુમન પતિ અને માતાને લઈને મોરબી આવી રહી હતી. ત્યારે રસ્તામાં જ પવને પાછળથી દોરી વડે છગનભાઈનું ગળું દબાવી હત્યા કરી નાખી અને પાપ છુપાવવા લાશ સળગાવી દીધી હતી.

# અંબાજી મંદિરમાંથી 1 લાખનું બંડલ ચોરતો કર્મચારી પકડયો

**સિટી ન્યૂઝ@અંબાજી**

અંબાજી મંદિરમાંથી નોટોનું બંડલ ચોરી કરતા એક હંગામી કર્મચારીને ઝડપી પાડવામાં આવ્યો છે. આ ઘટના મંગળવારે બપોરે ભંડાર કક્ષમાં ભંડાર ગણતરી ચાલી રહી હતી ત્યારે બની હતી.

મંદિરમાં લાઈટ એન્ડ સાઉન્ડ શોમાં ફરજ બજાવતો હંગામી કર્મચારી ચિરાગ ઠાકોર બાથરૂમ ગયો ત્યારે તેના હાથમાંથી નોટોનું બંડલ પડી ગયું હતું. અન્ય કર્મચારીઓએ આ જોઈને તાત્કાલિક અધિકારીઓને જાણ કરી હતી.

મંદિરના હિસાબી અધિકારીએ અંબાજી પોલીસ મથકે ચિરાગ ઠાકોર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેની પાસેથી ૨૦૮ નોટો મળી આવી હતી, જેની કુલ રકમ રૂ.



૧,૦૪,૦૦૦ થાય છે. પોલીસે આરોપી ચિરાગ ઠાકોરની ધરપકડ કરી છે.

મંદિર ટ્રસ્ટ દ્વારા ચોરી થયેલી આ રકમ એચડીએફસી બેંકમાં જમા કરાવવામાં આવી છે. અંબાજી મંદિરમાં દર મંગળવારે સીસીટીવી કેમેરાની હાજરીમાં કાયમી અને હંગામી કર્મચારીઓ તેમજ સુરક્ષા જવાનોની હાજરીમાં ભંડાર ગણતરી કરવામાં આવે છે.

## 136 લોકોને 2 કરોડ વ્યાજે આપ્યા

# ગોંડલ તાલુકા ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ સામે વ્યાજખોરીની ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

જિલ્લાના સુલતાનપુર પોલીસ સ્ટેશનમાં ગોંડલ તાલુકા ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ અસ્ફાક મેમણ (અસ્ફાક સલાટ) અને કાળું સલાટ સામે વ્યાજખોરીનો ગુનો નોંધાયો છે. પોલીસે બંનેની ધરપકડ કરી તેમના કબજામાંથી ૧૩૬ ભોગ બનનારના ૩૭૫ કોરા ચેક જપ્ત કર્યા હતા. પોલીસે તમામ ૧૩૬ પીડિતોને રૂબરૂ બોલાવીને તેમના ચેક પરત અપાવ્યા છે. જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરના જણાવ્યા મુજબ, ફરિયાદી જીતેશભાઈ સતાણીએ અસ્ફાક પાસેથી ૧ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. જેમાંથી ૭૦,૦૦૦ ચૂકવી દીધા હોવા છતાં અસ્ફાક જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. પોલીસ તપાસમાં ખુલ્યું કે આરોપીઓએ આસપાસના ૧૩૬ લોકોને અંદાજિત ૨ કરોડ રૂપિયા ૩ થી ૧૦ ટકાના ઊંચા વ્યાજે આપ્યા હતા અને વ્યાજ-મુદલ ચૂકવ્યા બાદ પણ લોકોના કોરા ચેક પરત કરતા ન હતા. આરોપી અસ્ફાકે વાસાવડ ગામમાં ૬ વીઘા સરકારી જમીન પર દબાણ કરી ગેરકાયદેસર ફાર્મહાઉસ બનાવ્યું હોવાનું પણ સામે આવ્યું છે. આ દબાણ દૂર કરવા અને આરોપી વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધવા પોલીસે જિલ્લા કલેક્ટર પાસે મંજૂરી માંગી છે.

આરોપી સામે અગાઉ પણ ૩ જેટલી પોલીસ ફરિયાદ નોંધાઈ ચૂકી છે. થોડા દિવસ અગાઉ જ તેની ઓફિસમાં કામ કરતા અકીલભાઈ નામના યુવાને નોકરી છોડવાની વાત કરતા આરોપીઓએ હિસાબમાં ૨.૨૦ લાખની ભૂલ કાઢીને તેને માર માર્યો હતો. તેમજ બળજબરીથી ૩ કોરા ચેક પડાવી, પગારમાંથી ૨,૮૮,૦૦૦ રૂપિયા કાપી લઈ ૮.૫૦ લાખની ખોટી નોટિસ મોકલી હોવાની ફરિયાદ પણ નોંધાઈ હતી.

### વ્યાજખોરો સામે એસપીની અપીલ

એસપી વિજયસિંહ ગુર્જરે નાગરિકોને અપીલ કરી છે કે કોઈને પણ કોરા ચેક ન આપવા, કારણ કે તેનો દુરુપયોગ થઈ શકે છે. જો કોઈ વ્યાજખોર ધમકાવતો હોય તો સીધો પોલીસનો સંપર્ક કરવો. (૧) વિજયસિંહ ગુર્જર, જિલ્લા પોલીસ વડા મોબાઈલ નંબર 9978405080, (૨) સિમરન ભારદ્વાજ, ASP ધોરાજી મોબાઈલ નંબર 9213000434, (૩) નવીન રેપુડી, ASP જસદણ મોબાઈલ નંબર 9494965259, (૪) કે જી ઝાલા, DYSP ગોંડલ મોબાઈલ નંબર 9978407095, (૫) આર એ ડોડીયા, DYSP જેતપુર મોબાઈલ નંબર 9978408188

### નવી કેબિનેટના શપથઃ નીતીશના પુત્ર સહિત 32 મંત્રી

# બિહારમાં સમ્રાટ કેબિનેટ

## PM મોદીએ પૂર્વ CMને બોલાવ્યા હાથ પકડીને નજીક લાવ્યા





**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

સમ્રાટ ચૌધરીના CM બન્યાના ૨૨ દિવસ પછી આજે ગુરુવારે કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવ્યું. મેગા ઈવેન્ટમાં નીતિશના પુત્ર નિશાંત કુમાર સહિત ૩૨ મંત્રીઓ સમ્રાટ કેબિનેટમાં સામેલ થયા.નવી કેબિનેટમાં ભાજપમાંથી ૧૫, જેડીયુમાંથી ૧૩, LJP(R)માંથી ૨, HAM અને RLMમાંથી એક-એક મંત્રી છે. એક સાથે ૫-૫ ધારાસભ્યોએ શપથ લીધા છે. પ્રથમ વારમાં નિશાંત કુમાર, શ્રવણ કુમાર, વિજય સિંહા, લેસી સિંહ અને દિલીપ જયસ્વાલે શપથ લીધા. નિશાંત કુમાર પ્રથમ વખત મંત્રી બન્યા છે.સમારોહમાં PM મોદી પણ સામેલ થયા છે. તેમનો પટના એરપોર્ટથી ગાંધી મેદાન સુધી રોડ શો થયો. મંચ પર રક્ષા મંત્રી રાજનાથ સિંહ, ગૃહ મંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન અને જેડીયુના રાષ્ટ્રીય અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી નીતિશ કુમાર હાજર રહ્યા. કાર્યક્રમ પછી વડાપ્રધાને નીતિશ કુમારને પોતાની પાસે બોલાવ્યા. મંચ પર તેમની સાથે હાથ મિલાવ્યા. કાર્યક્રમની શરૂઆતમાં સીધું રાષ્ટ્રગાન વગાડવામાં આવ્યું, જ્યારે પ્રોટોકોલ મુજબ પહેલા રાષ્ટ્રગીત વંદે માતરમ વગાડવાનું હતું. રાલોમા અધ્યક્ષ ઉપેન્દ્ર કુશવાહાના પુત્ર દીપક પ્રકાશે ફરીથી મંત્રી પદના શપથ લીધા છે. તેઓ બિહાર વિધાનસભા કે વિધાન પરિષદ બંનેમાંથી કોઈ પણ સદનના સભ્ય નથી. અગાઉની સરકારમાં પણ તેઓ મંત્રી બન્યા હતા, ત્યારે તેમની પાર્ટીમાં આ અંગે બળવો થયો હતો.પ્રથમ તબક્કામાં નિશાંત કુમાર સાથે શ્રવણ કુમાર, વિજય સિન્હા, લેસી સિંહ અને દિલીપ જયસ્વાલે મંત્રી પદના શપથ લીધા. બિહારના પૂર્વ મુખ્યમંત્રી નીતિશ કુમાર મંચ પર પહોંચી ચૂક્યા છે. તેમણે વિજય સિન્હાની પીઠ થપથપાવી. મંચ પર નિશાંતે ફરીથી નીતિશ કુમારના પગ સ્પર્શ્યા.

# યુપી સહિત 9 રાજ્યોમાં વરસાદ

## બિહારમાં કરા પડ્યા, 2ના મોત



**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

ઉત્તર, મધ્ય અને દક્ષિણ ભારતમાં વરસાદનો દોર ચાલુ છે. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને આંધ્રપ્રદેશમાં બુધવારે વરસાદ થયો. જ્યારે બિહાર, હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં કરા પણ પડ્યા.ઉત્તર પ્રદેશના ગાઝીપુરમાં ગોદામમાં રાખેલ ૧૦૦ ક્વિન્ટલ ઘઉં પલળી ગયા. રાજ્યમાં મહત્તમ તાપમાન ૪0C થી નીચે આવી ગયું છે. આજે ૪૪ જિલ્લાઓમાં વાવાઝોડા-વરસાદનું એલર્ટ છે.બિહારમાં પટનાના વિસ્તારોમાં કરા પણ પડ્યા. અહીં બપોરના સમયે જ અંધારું છવાઈ ગયું. પૂર્ણિયામાં આકાશી વીજળી પડવાથી બે લોકોના મોત થયા. ઉત્તરાખંડના કેદારનાથ ધામ સહિત ઊંચી પર્વતમાળાઓ પર સતત ચોથા દિવસે હિમવર્ષા થઈ.

# સુવેન્દુના PAની હત્યામાં પાક.-બાંગ્લાદેશ કનેક્શન?

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**



ભાજપ નેતા સુવેન્દુ અધિકારીના PA ચંદ્રનાથની હત્યાના કેસમાં એક મહત્વની કડી સામે આવી છે. આ કડી એ વાત તરફ ઈશારો કરી રહી છે કે, હત્યાના કાવતરામાં સામેલ ગુનેગારો અને તેમના આકાઓના કનેક્શન પાકિસ્તાનથી પણ હોઈ શકે છે. હકીકતમાં, પાકિસ્તાન સાથેના આ કનેક્શનનો આધાર તે પિસ્તોલ બની છે, જેનો ઉપયોગ ચંદ્રનાથની હત્યા માટે કરવામાં આવ્યો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ચંદ્રનાથની હત્યા માટે હત્યારાઓએ ઓસ્ટ્રિયા-નિર્મિત ગ્લોક પિસ્તોલ G૪૩xનો ઉપયોગ કર્યો હતો. આ સેમી ઓટોમેટિક પિસ્તોલથી ચંદ્રનાથને એક ડઝનથી વધુ ગોળીઓ મારવામાં આવી હતી. ઘરથી માત્ર ૨૦૦ મીટર દૂર થયેલી આ સનસનાટીભરી ઘટનામાં હત્યારાઓએ ચંદ્રનાથના માથા, છાતી અને પેટમાં ગોળીઓ મારી હતી. જાણવા મળી રહ્યું છે કે, અતિશય લોહી વહી જવાને કારણે ચંદ્રનાથ ઘટનાસ્થળે જ બેભાન થઈ ગયા હતા.

તે જ સમયે, ઘટના બાદ જ્યારે તેમને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા, ત્યારે ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પૂરી ઘટના બાદ સ્થળ પર પહોંચેલા સુરક્ષા દળોને કેટલાક ખાલી કારતૂસ મળ્યા હતા. આ કારતૂસની મદદથી સુરક્ષા એજન્સીઓને જાણવા મળ્યું હતું કે, હત્યા માટે ઓસ્ટ્રિયા-નિર્મિત ગ્લોક પિસ્તોલ G૪૩xનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ એક એવી પિસ્તોલ છે, જેણે આ હત્યાકાંડમાં સામેલ હત્યારાઓનો પાકિસ્તાન સાથે સંબંધ હોવાનો ઈશારો કરી દીધો છે.સુરક્ષા એજન્સીઓના સૂત્રોના જણાવ્યા અનુસાર, ઓસ્ટ્રિયા-નિર્મિત ગ્લોક પિસ્તોલ G૪૩xનું વેચાણ ભારતમાં નથી થતું. સાથે જ, આ પિસ્તોલની કિંમત લાખોમાં છે. એવામાં, કોઈ સામાન્ય ગુનેગાર માટે આ લાખોની કિંમત વાળી પિસ્તોલ ખરીદવી અત્યંત મુશ્કેલ છે. શક્ય છે કે, હત્યાની સોપારી આપનારા કાવતરાખોરોએ હત્યારાઓને આ વિદેશી પિસ્તોલ પૂરી પાડી હોય. તેમણે જણાવ્યું કે, છેલ્લા કેટલાક સમયમાં જોવામાં આવ્યું છે કે, આ ખાસ પિસ્તોલને પાકિસ્તાનથી દાણચોરી દ્વારા ભારત મોકલવામાં આવી રહી છે.


# ગૌચર જમીનમાં ધોળાદિવસે બેફામ ખનીજચોરી ઝડપાઈ

## રાજકોટનો રેન્જ ડી.આઈ.જી નિર્લિપ્તરાયના માર્ગદર્શન હેઠળ કલ્યાણપુરના માળીગામે ટીમ ત્રાટકી : ખનીજચોરો ભૂગર્ભમાં, 24 લાખનો મુદ્દામાલ કબજે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર પોલીસ સ્ટેશનના માળીગામ ગૌચર જમીનમાંથી ધોળાદિવસે બેફામ ખનીજ ખનન થતું હોવાની બાતમી પરથી રાજકોટનો રેન્જ ડી.આઈ.જી નિર્લિપ્તરાયના માર્ગદર્શન હેઠળ પી.આઈ અપૂર્વ પટેલની ટીમે દરોડો પાડીને જેસીબી-૧ તથા ટ્રેકટર-૩ મળી કુલ રૂ.૨૪,૦૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. જયારે ખનીજચોરો ભૂગર્ભમાં ઉતરી ગયા હતા.ધોળા દિવસ ચાલતી ખનીજચોરી પ્રકરણમાં સરપંચ- તલાટી મંત્રી- મામતલદાર- સ્થાનિક પોલીસ સામે ટુકાગાળામાં પગલા ભરવામાં આવશે તેવું સૂત્રમાંથી જણાવા મળ્યું છે

રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય દ્વારા રેન્જ હસ્તકના જિલ્લાઓમાં ગેરકાયદેસર પ્રવૃતિ કરનારા ઈસમોને શોધી કાઢી તેઓ વિરુધ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના કરેલ હોય જે અન્વયે રાજકોટ રેન્જના પોલીસ ઈન્સપેક્ટર અપૂર્વ પટેલ નાઓના માર્ગદર્શન મુજબ રાજકોટ રેન્જના પોલીસ સબ ઈન્સપેક્ટર પી.એન.મોરી, બી.સી.મીયાત્રા, સી.એમ.કાંટેલીયા તથા સ્ટા ફ દ્વારા આવા ઈસમોને શોધી કાઢવા જરૂરી વર્કઆઉટ તથા હ્યુમનસોર્સનો ઉપયોગ કરી રહ્યા હતા.આ દરમ્યાન પી.એસ.આઈ સી.એમ.કાંટેલીયા તથા સ્ટાફના સંદિપસિંહ ઝાલા, કાસમભાઇ બ્લોચ મિતેશભાઇ પટેલ તથા કમલેશભાઇ રબારી નાઓને મળેલ ચોકકસ હિકકત આધારે દેવભૂમિ

**» ખાણ ખનીજ વિભાગ દ્વારા જમીન માપણી હાથ ધરાઈ : સરપંચ– તલાટી મંત્રી– મામતલદાર– સ્થાનિક પોલીસ સામે પગલા ભરાશે**

દ્વારકા જિલ્લાના કલ્યાણપુર પો.સ્ટે. વિસ્તારના માળી ગામની ગૌચરની જમીનમાંથી અમુક ઈસમો ગેરકાયદેસર માટી (મોરમ) નુ ખનન કરતા હોય જે જગ્યાએ તપાસ કરી ખાણ-ખનીજના અધિકારી સાથે રેઈડ કરતા સદરહુ જગ્યાએથી (૧) જેસીબી - રજી. ન GJ૩૭S૦૩૦૦ (૨) ટ્રેક્ટર ટ્રોલી સહિત જેના રજીસ્ટેશન નંબર નથી (૩) ટ્રેક્ટર ટ્રોલી સહિત જેના રજી નંબર GJ૨૩CF૬૭૫૨ (૪) ટ્રેક્ટર ટ્રોલી સહિતનું તેના રજી નંબર GJ૩૭J૨૯૭૦ તથા ટ્રોલી નંબર GJ૩૭T૬૦૭૧ નુ મળી કુલ કિ.રૂ.૨૪,૦૦,૦૦૦/- નો મુદ્દામાલ સીઝ કરી ખાણખનીજ ના અધિકારીઓ દ્વારા પંચરોજ કામ કરી જગ્યાની જરૂરી માપણી કરી આગળની કાયદેસરના દંડની કાર્યવાહી કરવા સારુ હાજર મળી આવેલ કસુરદાર આવળદાન નાગજીભાઈ જામ જાતે ગઢવી રહે કનકપર ગામ તાલુકો કલ્યાણપુર જીલ્લો દેવભૂમિ દ્વારકા વાળાને તથા મુદ્દામાલને કલ્યાણપુર પો.સ્ટે. ખાતે સોંપી આપવામાં આવેલ છે.

# મુંબઈ પોલીસના નામે બેંકના સિક્યુરિટી ગાર્ડને 17 દિવસ 'ડિજિટલ એરેસ્ટ' કરાયો

## મની લોન્ડરિંગના કેસમાં ફસાવવાની ધમકી આપી 15 લાખના શેર ખોટમાં વેચાવીને 9 લાખ પડાવી લીધા અજાણ્યા ઠગબાજોએ માતાને મારી નાખવાની અને મકાન સીલ કરાવાવની ધમકીઓ આપી ત્રાસ ગુજાર્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સાયબર અપરાધીઓએ હવે સામાન્ય શ્રમિક વર્ગને નિશાન બનાવવાનું શરૂ કર્યું છે. રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા અને એચડીએફસી બેંકમાં સિકયુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા ૫૦ વર્ષીય પ્રકાશભાઈ ચંદુભાઈ ચૌહાણને મુંબઈ પોલીસની ખોટી ઓળખ આપી ડિજિટલ એરેસ્ટ કરવામાં આવ્યા હતા. સાયબર ગઠિયાઓએ તેમની પાસેથી કુલ ૯,૦૦,૦૦૦ રૂપિયા પડાવી લેતા સાયબર ક્રાઇમ પોલીસે તપાસ હાથ ધરી છે.

૧ ફેબ્રુઆરીના રોજ ગાંધીગ્પ્રરામમાં ન્કાયુ મહાવીરનગરમાં રહેતા પ્રકાશભાઈ ચોહાણના મોબાઈલ પર  અજાણ્યા નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. કોલ કરનારે મુંબઈના કોલાબા પોલીસ સ્ટેશનથી 'સંદિપ' બોલે છે તેવી ઓળખ આપી હતી. તેણે ધમકાવતા કહ્યું કે તમારા નામે મની લોન્ડરિંગનો કેસ છે અને તમે નામચીન ગુનેગાર નરેશ ગોહિલ સાથે સંડોવાયેલા છો. તપાસના બહાને ગઠિયાઓએ તેમનું આધાર કાર્ડ મેળવ્યું હતું.

પ્રકાશભાઈને ડરાવવા માટે 'રાજેશ સર' નામના વ્યક્તિ સાથે વીડિયો કોલ કરાવાયો અને તેમને ચોવીસ કલાક નજર હેઠળ રાખવામાં આવ્યા. આરોપીઓએ મકાન સીલ કરવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી તેમની પાસે રહેલા ૧૫ લાખના શેર વેચવા દબાણ કર્યું હતું. શેર વેચતા પ્રકાશભાઈને ૬ લાખનું નુકસાન ગયું હતું, છતાં બાકી બચેલી ૯ લાખની રકમ તપાસના નામે બેંક ટ્રાન્સફર કરાવી લીધી હતી. જ્યારે પ્રકાશભાઈએ આ વાત તેમના મિત્રને કરી ત્યારે તેમને છેતરપિંડીનો ખ્યાલ આવ્યો અને તેમણે ૧૯૩૦ હેલ્પલાઈન પર ફરિયાદ કરી. હાલમાં રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસે બેંક ખાતાધારકો અને મોબાઈલ નંબર ધારકો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# રાજકોટ ઝનાના હોસ્પીટલમાં બિનવારસી પનોતીને અંતે કચરા પેટી હવાલે કરાઈ




રાજકોટ ઝનાના હોસ્પીટલમાં બાળ દર્દી અને સગર્ભા મહિલાઓના અનેક સગા- સબંધીઓ આવતા હોય છે.ત્યારે આ સગા સબંધીઓ ૧ થી ૧૧ માળા સુધીમાં ઘોડાની અંદર ચંપલ મૂકી ઉતરતા હોય છે.આ બધા ઘણા પરિવારજનો સુખ અને દુખ પ્રસંગોપાત પોતાના ચંપલોને પનોતી તરીકે ત્યાં જ ત્યજી દેતા હોય છે,ત્યારે ઘણા સમયથી બિન વારસી ચંપલોના ઢગલાને ભેગા કરી સફાઈ કામદારો દ્વારા સોલીડ વેસ્ટ સાથે નિકાલ કરવામાં આવ્યો હતો.

# રાજ્ય કરાટે ચેમ્પિયનશિપ સ્પર્ધામાં રાજકોટની એન્જલ રાંકજા પ્રથમ ક્રમાંકે

## વિજેતા કરાટે ચેમ્પિયન તારીખ 24 અને 25 મેના રોજ હિમાચલ પ્રદેશના ધર્મશાળા ખાતે રાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેશે

સિટી ન્યૂઝ@રાજકોટ

સોમનાથ મંદિર સાનિધ્યે આવેલ સાગર દર્શન ઓડિટોરિયમ હોલ ખાતે બે દિવસથી રાજ્યકક્ષાની ૧૫ મી ગુજરાત વાડો કાઈ કરાટે ચેમ્પિયનશિપ સ્પર્ધા યોજાઈ હતી .જેમાં ૧૫ જિલ્લા ના ૫૫૦ જેટલા વિદ્યાર્થી ભાઈ- બહેનોએ ભાગ લઈ ચેમ્પિયનશિપ રેન્ક મેળવી હતી અને વિજેતાઓને પ્રમાણપત્ર, મેડલચંદ્રક અને આગળ વિજેતાઓને આગામી તારીખ ૨૪ અને ૨૫ મેના રોજ હિમાચલ પ્રદેશના ધરમશાળા ખાતે યોજનાર રાષ્ટ્રીય કરાટે સ્પર્ધામાં પસંદગી યુક્ત કરાયા હતા.



રાજકોટની ૫ વર્ષની બાળકી એન્જલ રાંકજા કાટા સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે ઉતીર્ણ થઈ હતી.ગુજરાત વાડો કાઈ કરાટે ના સિંહાન પ્રવીણ ચૌહાણે આ અંગે જણાવ્યું કે આ સ્પર્ધામાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી ૫૦૦ ઉપરાંત સ્પર્ધકો તેમના વાલીઓ સહિત અંદાજે ૧૫૦૦ થી ૨૦૦૦ લોકોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. સોમનાથ ખાતે યોજાયેલા રાજ્ય સ્પર્ધામાં આ સંસ્થાના રાષ્ટ્રીય કક્ષાના ચેરમેન-ટ્રસ્ટી રાજેશ અગ્રવાલની પ્રેરક પ્રોતસાહક ઉપસ્થિતિ રહી આ સ્પર્ધામાં ૧૫ જેટલા જજ અને ૨૦ જેટલા અલગ-અલગ જિલ્લાઓના કોચ તથા અધિકારીઓએ હાજરી આપી ૫ વર્ષથી માંડી ૩૫ વર્ષ સુધીના સ્પર્ધકોએ ભાગ લઈ ઉત્સાહક દાખવ્યો હતો.

# રાજકોટમાં હરિ ૐ ફૌજ દ્વારા સમૂહ લગ્ન અને સમૂહ જનોઈનું આયોજન

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર શીતલ પાર્ક પાસે આગામી ૧૦ મે ૨૦૨૬, રવિવારના રોજ 'હરિ ૐ ફૌજ' દ્વારા સમસ્ત બ્રહ્મ સમાજ માટે ભવ્ય સમૂહ લગ્ન તથા સમૂહ જનોઈનું આયોજન કરવામાં આવ્યું છે. પરમ પૂજ્ય મુક્તાનંદ બાપુ (ચાપરડા) ના અવતરણ દિવસ નિમિત્તે યોજાનારા આ સેવાકાર્યમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને સાધવી પ્રજ્ઞા ઠાકોર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે ૨૫ જરૂરિયાતમંદ બ્રહ્મ દીકરીઓના લગ્ન અને ૬૧ બટુકોની જનોઈ સંપન્ન થશે. ભારતભરના બ્રહ્મ સમાજના ઈતિહાસમાં પ્રથમ વખત નવદંપતીઓ કે બટુકો પાસેથી કોઈ પણ પ્રકારની રજીસ્ટ્રેશન ફી લેવામાં આવી નથી. દીકરીઓને કન્યાદાનમાં સોનાની ચૂડલી, ફ્રીજ, ટીવી, વોશિંગ મશીન અને ઘરઘંટી સહિત ૧૨૫થી વધુ આધુનિક જીવન જરૂરિયાતની વસ્તુઓ ભેટ આપવામાં આવશે. આયોજકો દ્વારા મહેમાનોની સંખ્યા પર કોઈ મર્યાદા (લિમિટેશન) રાખવામાં આવી નથી, જે સમાજની એકતા દર્શાવે છે. સમૂહ લગ્નના આ કાર્યક્રમ બાદ, ૧૧ મે થી ૧૭ મે દરમિયાન ગુજરાતના મહત્તમ ગામોમાં બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જે સેવાકીય પ્રવૃત્તિઓને વેગ આપશે. આયોજકો દ્વારા સમસ્ત બ્રહ્મ સમાજને આ આશીર્વાદ સમારોહમાં ઉપસ્થિત રહી યુવાનોના આ સંગઠિત પ્રયાસને બિરદાવવા અને નવદંપતીઓને આશીર્વાદ આપવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ધારાસભ્યના ઈશારે ભાજપના 2 કાર્યકરો પર હિચકારો હુમલો

## બંગાળ ચૂંટણીમાં નેતાની પોલ ખોલતા ધારાસભ્ય સંજય કોરડીયા પર આક્ષેપ

» તળાવ દરવાજા પાસે બાઈક અથડાવી પાઈપ અને ધોકા વડે હિચકારો હુમલો

» બક્ષીપંચ મોરચાના મહામંત્રી નરેન્દ્ર અને કાર્યકર તુષાર ગંભીર હાલતમાં હોસ્પિટલમાં








**સિટી ન્યૂઝ@જૂનાગઢ**

જૂનાગઢ શહેરના ધમધમતા તળાવ દરવાજા વિસ્તાર નજીક ભાજપના જ ૨ સક્રિય કાર્યકરો પર અજાણ્યા શખ્સોએ ધોળા દિવસે હિચકારો હુમલો કરતા રાજકીય ગરમાવો આવી ગયો છે. શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના મહામંત્રી નરેન્દ્ર ઓડેદરા અને ભાજપના કાર્યકર તુષાર સોજીત્રા પર આયોજનબદ્ધ રીતે હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરોએ પહેલા બાઈક અથડાવી બોલાચાલી કરી હતી અને ત્યારબાદ ધોકા તેમજ લોખંડના પાઈપ વડે ઢોર માર મારવાનું શરૂ કરી દીધું હતું. આ જીવલેણ હુમલામાં નરેન્દ્ર ઓડેદરાને સામાન્ય ઈજા પહોંચી છે, જ્યારે તુષાર સોજીત્રાને માથા સહિતના ભાગે ગંભીર ઈજાઓ થતા બંનેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ હુમલા પાછળ ખુદ ભાજપના જ ધારાસભ્ય સંજય કોરડીયા અને નગરસેવક સંજય મણવરનો હાથ હોવાનો ગંભીર આરોપ ઈજાગ્રસ્તોએ લગાવતા ખળભળાટ મચી ગયો છે.આ સમગ્ર વિવાદ અને હુમલાના મૂળમાં બંગાળ વિધાનસભાની ચૂંટણી રહેલી છે. બંગાળની ચૂંટણીમાં ધારાસભ્ય સંજય કોરડીયાની આગેવાનીમાં ૨૦ લોકો પ્રચાર માટે ગયા હતા. એવો ગંભીર આક્ષેપ છે કે, ચૂંટણી પ્રચાર દરમિયાન પોલીસના ત્રાસથી ધારાસભ્ય પોતાનો ફોન બંધ કરીને કોઈ સલામત જગ્યાએ ભાગી ગયા હતા અને કાર્યકરો જીવના જોખમે ત્યાં ફસાઈ ગયા હતા. નેતાની આ હરકતથી કાર્યકરોમાં ભારે નારાજગી હતી અને ધારાસભ્યની પોલ ખોલતી આ સમગ્ર ઘટના નરેન્દ્ર અને તુષાર દ્વારા સોશિયલ મીડિયા પર જાહેર કરવામાં આવી હતી.

### પોલીસની કામગીરી અને નિષ્પક્ષ તપાસ પર સૌની નજર

પોતાના જ પક્ષના ધારાસભ્યની નિષ્ફળતા સોશિયલ મીડિયામાં ખુલ્લી પાડવાનું મનદુખ રાખીને, તેમના ઈશારે જ આ ગુંડાગીરી આચરવામાં આવી હોવાના આક્ષેપોથી ભારે વિવાદ સર્જાયો છે. નરેન્દ્ર ઓડેદરા અને તુષાર સોજીત્રાએ મીડિયા સમક્ષ બાઈટ આપીને પોતાની સાથે થયેલી ઘટના અને આક્ષેપો વર્ણવ્યા છે. હવે સત્તાધારી પક્ષના જ ધારાસભ્ય સામે થયેલા આ આક્ષેપોના મામલે જૂનાગઢ પોલીસ કઈ દિશામાં કાર્યવાહી કરે છે અને નિષ્પક્ષ તપાસ થાય છે કે કેમ, તેને લઈને અનેક અટકળો વહેતી થઈ છે.

# રાજકોટ મધ્યસ્થ જેલના કેદીઓનું ધોરણ 10-12માં ઉત્કૃષ્ટ પ્રદર્શન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલ ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં રાજકોટ મધ્યસ્થ જેલના કેદીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. જેલના સળિયા પાછળ સજા કાપી રહ્યા હોવા છતાં, શિક્ષણ મેળવવાની આશા અને મક્કમ નિર્ધાર સાથે બંદીવાનોએ આ ઝળહળતી સફળતા હાંસલ કરી છે.



આ વર્ષે રાજકોટ મધ્યસ્થ જેલમાંથી શિક્ષણ મેળવી રહેલા બંદીવાનોએ બોર્ડની પરીક્ષા આપી હતી, જેમાંથી પરિણામ ખૂબ જ પ્રોત્સાહક આવ્યું છે. ધોરણ-૧૦માં કુલ ૬ બંદીવાનોએ પરીક્ષા આપી હતી જેમાંથી ૨ બંદીવાન સફળતાપૂર્વક ઉત્તીર્ણ થયા છે. જ્યારે ધોરણ-૧૨માં કુલ ૪ બંદીવાનોએ પરીક્ષામાં આપી, અને આ તમામ સફળતાપૂર્વક ઉત્તીર્ણ થતા ૧૦૦% પરિણામ મેળવ્યું છે

કેદીઓમાં શિક્ષણનું સ્તર વધે અને તેઓ પોતાના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે તે માટે જેલ તંત્ર દ્વારા ખાસ પ્રયાસો કરવામાં આવ્યા હતા. રાજ્યની જેલોના વડા ડૉ. કે.એલ.એન. રાવ અને નાયબ પોલીસ મહાનિરીક્ષક ડૉ. ગીરીશ પંડ્યાના સકારાત્મક અભિગમ હેઠળ કેદીઓ માટે આ વિશેષ શૈક્ષણિક આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, રાજકોટ મધ્યસ્થ જેલના અધિક્ષક વી.પી. ગોહિલના નેતૃત્વમાં અને શિક્ષણ વિભાગના સીધા માર્ગદર્શન હેઠળ બંદીવાનો માટે જેલની અંદર જ બોર્ડની પરીક્ષા માટેની તમામ જરૂરી વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. જેલ પ્રશાસનની આ પહેલને કારણે કેદીઓએ સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાવવા તરફ એક મજબૂત કદમ ઉઠાવ્યો છે.

# દરિયાથી રસ્તા સુધી ડ્રગ્સનો ખેલ : સૌરાષ્ટ્રમાં ગાંજા-ચરસની ચોંકાવનારી ચેન

## કચ્છ અને દ્વારકા દરિયા કિનારેથી કરોડોનું ચરસ મળ્યું



**સિટી ન્યૂઝ@અંબાજી**

દેવભૂમિ દ્વારકા જીલ્લાના કલ્યાણપુર તાલુકાના હર્ષદ દરિયા કિનારે રાત્રીના સમયે કલ્યાણપુર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા ગઈકાલે બુધવારે રાત્રીના સમયે ફૂટે પેટ્રોલીગ હાથ ધરવામાં આવ્યું હતું. જે દરમિયાન હર્ષદ ગામની સીમમાં સીકોતર માતાજીના મંદિર નજીકથી પોલીસને શંકાસ્પદ હાલતમાં પ્લાસ્ટીકના ચાર પેકેટ બિનવારસુ હાલતમાં મળી આવ્યા હતા,જે કુલ ૪ કિલો ૫૪૮ ગ્રામ ચરસનો જથ્થો હોવાનું ખુલ્યું છે.આ ચરસના જથ્થાની આંતરરાષ્ટ્રીય બજાર કિંત ૨.૨૭ કરોડ રૂપિયાથી વધુ આંકવામાં આવી છે.આ પેકેટમાં ઉર્દુ ભાષામાં લખાણ લખાયું હતું. સમગ્ર બનાવ અંગે એ,એસ.આઈ વજશીભાઈ કારુભાઈ પોસ્તરિયાની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ પી.એસ.આઈ એન.એન.વાળા તપાસ હાથ ધરાઈ છે જયારે કચ્છના દરિયાકાંઠેથી ફરી એકવાર ચરસના બિનવારસી પેકેટ મળી આવ્યા છે. બોર્ડર સિક્યોરિટી ફોર્સ (BSF) દ્વારા ક્રિક વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન ગુપ્ત માહિતીના આધારે ૧૦ ચરસના પેકેટ જપ્ત કરવામાં આવ્યા હતા. આ ઘટના બાદ સુરક્ષા એજન્સીઓ વધુ સતર્ક બની છે.છેલ્લા એક અઠવાડિયામાં કચ્છના દરિયાઈ વિસ્તારમાંથી ૪૦થી વધુ ડ્રગ્સના પેકેટ મળી આવ્યા છે. ડ્રગ્સ મળવાનો આ સિલસિલો કચ્છ માટે ગંભીર ચિંતાનો વિષય બન્યો છે, જેને પગલે સુરક્ષા દળો સતત નજર રાખી રહ્યા છે.



## શિવરાજપુર પાસે ટ્રકમાંથી 108 કિલો ગાંજા સાથે ત્રણ શખ્સ ઝડપાયા

**સિટી ન્યૂઝ@જસદણ**

જસદણના શીવરાજપુર ગામના પાટીયા પાસે જય વિહળનાથ હોટલ પર રૂરલ એસઓજીની ટીમે સૌથી મોટી કાર્યવાહી કરી હતી. જય વિહળનાથ હોટલ પાસે વોલ્ટ થયેલ માલવાહક ટ્રકમાં ગાંજો હોવાની બાતમીના આધારે દરોડો પાડતાં મસમોટો રૂ.૫૪.૧૬ લાખનો ૧૦૮ કિલો ગાંજાનો જથ્થો પકડાયો હતો. આ સાથે રાજુ ઈશ્વર ચૌહાણ (રહે. રાજપરા ગામ, બોટાદ), કાદરશા ઉર્ફે કાદરબાપુ કાસમશા શેખ (રહે. કાલાવાડ કાશ્મીર પરા, એચ.કે. જોખીયા પાન સેન્ટરની બાજુમાં) અને નરેશ ઉર્ફે હરી ઈશ્વર લીંબડીયા (રહે. રાજપરા ગામ, બોટાદ) ની ધરપકડ કરવામાં આવી હતી. એસઓજીની ટીમે ગાંજાનો જથ્થાનો ૧૦૮ કિલો ૩૩૧ ગ્રામ રૂ.૫૪,૧૬,૫૫૦, મોબાઈલ નંગ-૦૩, માલવાહક ટ્રક મળી કુલ કિ.રૂ.૮૪,૩૧,૫૫૦ નો મુદામાલ કબ્જે કરી ત્રણેય શખ્સોની ધરપકડ કરી હતી.ત્રણેય શખ્સો ટ્રક લઈ ઓડીસા ફેરો મારવા ગયાં ત્યાંથી ઓડીસાના અલેખા બીસનું બહેરા નામના શખ્સે ગાંજો ભરી આપ્યો હતો અને તે ગાંજાનો જથ્થો કાલાવડના મહમદરફીક અસરફભાઇ લોદી અને અબ્દુલલતીફ ઓસમાણભાઇ સમાને સપ્લાય કરવાનો હોવાની આરોપીઓએ કબૂલાત આપી હતી. જે અંગેની કામગીરી એસઓજી પીઆઈ એફ.એ.પારગીની રાહબરીમાં પીએસઆઇ જી.જે.ઝાલા, પી.બી.મિશ્રા, એએસઆઇ પરબતભાઇ શામળા, ફિરોઝભાઇ બ્લોચ, વિપુલભાઇ ગુજરાતી, રૂપકબહાદુર બોહરા, હેડ કોન્સ્ટેબલ વિજયભાઇ વેગડ, ક્રિપાલસિંહ જાડેજા, પીયુષભાઇ અઘેરા, નૈમીષભાઇ મહેતા, મયુરભાઇ વિરડા, ચંદુભાઇ પલાળીયા તથા કોન્સ્ટેબલ વિજયગીરી ગોસ્વામી, રઘુભાઇ ત્રકટા, નિર્મળસિંહ ચુડાસમા, કલ્પેશભાઇ કોઠીવાર, ચીરાગભાઇ કોઠીવાર, વિપુલભાઇ ગોહિલ, રણજીતભાઇ ધાધલ, નવદિપભાઇ બાબરીયા, પુથ્વીરાજસિંહ ડોડીયા, નરશીભાઇ બાવળીયા દ્વારા કરવામાં આવેલ છે.

# આકાર ઈવેન્ટ્સ રાજકોટની પ્રસ્તુતિ ગુજરાતી ફિલ્મ 'લક્ષ્યવેધ' ૮મેએ રિલીઝ

## » પારિવારિક સંબંધો અને અંગત સ્વાર્થ વચ્ચે ખેલાતી ઘાતકી રમતની કથા

## » યોગેશ મહેતાની પટકથા અને નયન ભટ્ટના દિગ્દર્શનનો અદભુત સંગમ

સિટી ન્યૂઝ@રાજકોટ

ગુજરાતી અર્બન સિનેમાના બદલાતા પ્રવાહમાં વધુ એક સોનેરી પીંછું ઉમેરવા આકાર ઈવેન્ટ્સ (રાજકોટ) પ્રસ્તુત સસ્પેન્સ-થ્રિલર ફિલ્મ 'લક્ષ્યવેધ' સજ્જ છે. આગામી ૮ મે ૨૦૨૬ ના રોજ ગુજરાતભરમાં રિલીઝ થનારી આ ફિલ્મ ગુણવત્તા અને વાર્તાના સ્તરે એક નવો માપદંડ સ્થાપિત કરશે તેવી પ્રબળ શક્યતા છે. એક હસતા-રમતા સુખી કુટુંબમાં જયારે અંગત લાલચ માટે કાવાદાવા શરૂ થાય અને ઘરના સભ્યો જ એકબીજા સામે રમત રમવા લાગે, ત્યારે સર્જાતી પરિસ્થિતિ આ ફિલ્મનો મુખ્ય આધાર છે. પોતાના સ્વાર્થ માટે નૈતિક મૂલ્યોને નેવે મૂકનાર વિશ્વાસઘાતીઓને સજા અપાવવા માટે રમાતી 'રમત સામેની વળતી રમત' એટલે 'લક્ષ્યવેધ'. યોગેશ મહેતા લિખિત આ સામાજિક રહસ્યકથાને ભારતના જાણીતા સંગીતકાર પંકજ ભટ્ટે કર્ણપ્રિય સંગીતથી મઢી છે. દિગ્દર્શક નયન ભટ્ટે આ રહસ્યના તાણાવાણાને ખૂબ જ રોમાંચક રીતે પડદા પર ઉતાર્યા છે. ફિલ્મના નિર્માતા નયન ભટ્ટ અને મૃણાલિની ભટ્ટ છે, જયારે સહ-નિર્માતા તરીકે આર્ટ કોર્પોરેશનના નિલેશ ચોવટીયા જોડાયેલા છે. અનુભવી કલાકારોના ઉત્કૃષ્ટ અભિનયથી આ કથા વધુ જીવંત બની છે.

ગુજરાતી અર્બન સિનેમામાં અલગ ભાત પાડતી આ સસ્પેન્સ-થ્રિલર ફિલ્મ પ્રેક્ષકોને અંત સુધી સીટ સાથે જકડી રાખશે. એક સુખી કુટુંબમાં ખેલાતો ઘાતકી ખેલ અને ત્યારબાદ ન્યાય માટેનો સંઘર્ષ જોવો એ પ્રેક્ષકો માટે એક યાદગાર અનુભવ બની રહેશે. રહસ્યકથાના શોખીનો ૮ મેના રોજ સિનેમાઘરોમાં આ રોમાંચક સફર માણી શકશે.






# પુજીત રૂપાણી ટ્રસ્ટના ધો.10ના વિદ્યાર્થીઓએ બોર્ડમાં ડંકો વગાડ્યો

## 20 માંથી 8 વિદ્યાર્થીઓએ બોર્ડના ટોપ 10 વિદ્યાર્થીઓમાં સ્થાન મેળવ્યું




**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાત બોર્ડ દ્વારા જાહેર થયેલા ધોરણ ૧૦ ના પરિણામમાં રાજકોટના પુજીત વિજયભાઈ રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટના વિદ્યાર્થીઓએ બોર્ડમાં ડંકો વગાડ્યો છે. ટ્રસ્ટ અંતર્ગત ચાલતા જ્ઞાનપ્રબોધિની પ્રોજેક્ટના કુલ ૨૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૧૮ બાળકોએ A૧ ગ્રેડ, ૧ બાળકે A૨ ગ્રેડ અને ૧ બાળકે B૧ ગ્રેડ મેળવીને સળંગ ૨૬ માં વર્ષે ૧૦૦ ટકા પરિણામનો સિલસિલો જાળવી રાખ્યો છે.

આ ઝળહળતા પરિણામમાં ૨૦ માંથી ૮ વિદ્યાર્થીઓએ બોર્ડના ટોપ ૧૦ માં સ્થાન મેળવ્યું છે. જેમાં સુરાણી હિતીક્ષા અને સોલંકી ધારાએ ૯૯.૯૯ PR સાથે બોર્ડમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. આ ઉપરાંત વિરાણી દર્શન અને ચૌહાણ અવનિએ ૯૯.૯૮ PR સાથે બીજો, ભંડેરી જેનીલ અને ભેસાણીયા પ્રીન્સીએ ૯૯.૯૫ PR સાથે પાંચમો, ડાભી વિવેકે ૯૯.૯૨ PR સાથે આઠમો તેમજ કુમારખાણીયા અનિલે ૯૯.૯૦ PR સાથે દશમો ક્રમાંક મેળવ્યો છે. વિષયવાર પરિણામ જોઈએ તો અનેક વિદ્યાર્થીઓએ ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને સંસ્કૃતમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવ્યા છે.

છેલ્લા ૨૬ વર્ષથી ટ્રસ્ટ દ્વારા ભણવામાં તેજસ્વી પરંતુ આર્થિક રીતે જરૂરિયાતમંદ બાળકો માટે આ પ્રોજેક્ટ ચલાવવામાં આવે છે. દર વર્ષે ૫૫૦ થી ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓમાંથી પ્રવેશ પરીક્ષા દ્વારા ૨૦ થી ૨૫ બાળકોની પસંદગી કરી તેમને ધોરણ ૮ થી ૧૨ સુધીનો તમામ શૈક્ષણિક ખર્ચ ટ્રસ્ટ ઉઠાવે છે. આ ઐતિહાસિક સફળતા બદલ ટ્રસ્ટી અંજલીબેન વિજયભાઈ રૂપાણીએ તમામ બાળકોને અભિનંદન અને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી છે.

# રૈયા રોડે સાર્વજનિક સેવા સમિતી દ્વારા છાસ વિતરણનો બીજો રાઉન્ડ

## ઉનાળાની આકરી ગરમીમાં શનિ-રવિ બે દિવસ ઠંડી છાસ પીવા પધારવા રાહદારીઓને આહવાન કરતા રાજુ જુંજા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં ગરમીનો પારો સતત ઊંચો જઈ રહ્યો છે ત્યારે લોકોને કાળઝાળ ગરમીમાંથી રાહત આપવા સાર્વજનિક સેવા સમિતિ આગળ આવી છે. ગત શનિવાર અને રવિવારે યોજાયેલા પ્રથમ રાઉન્ડમાં ૧૫૦૦ થી વધુ લોકોએ આ સેવાનો લાભ લીધો હતો. આ ઉત્સાહજનક પ્રતિસાદ બાદ, સંસ્થા દ્વારા આગામી તારીખ ૦૯-૦૫-૨૦૨૬ (શનિવાર) અને ૧૦-૦૫-૨૦૨૬ (રવિવાર) ના રોજ છાશ વિતરણના બીજા રાઉન્ડનું આયોજન કરવામાં આવ્યું છે.

આ છાશ વિતરણ કાર્યક્રમ બપોરે ૧૨ થી ૩ વાગ્યા સુધી પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ સામે, રૈયા રોડ, રાજકોટ ખાતે યોજાશે. સામાજિક અગ્રણી અને



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના ડિરેક્ટર રાજુ જુંજાએ આ ધોમધખતા તાપમાં ગરમીથી રાહત મેળવવા માટે લોકોને મીઠી, મધુરી અને ઠંડી છાશ પીવા પધારવા માટે ખાસ અપીલ કરી છે.

રાજુ જુંજાએ છાશના શારીરિક ફાયદાઓ જણાવતા કહ્યું હતું કે ઉનાળામાં છાશ શરીરને ઠંડક આપે છે અને ડિહાઇડ્રેશનથી બચાવે છે. તે પાચનશક્તિ સુધારવાની સાથે એસિડિટી અને ગેસમાં પણ નોંધપાત્ર રાહત આપે છે. પ્રોબાયોટિક ગુણો ધરાવતી છાશ પીવાથી લૂ લાગવાની શક્યતા ઘટે છે અને શરીરમાં આખો દિવસ તાજગી અને ઊર્જા જળવાઈ રહે છે. આ ગુણધર્મોને કારણે જ છાશને ઉનાળામાં અમૃત સમાન ગણવામાં આવે છે.

સાર્વજનિક સેવા સમિતિની એક યાદીમાં રાજકોટના દરેક નાગરિકોને ગરમીથી બચવા દિવસ દરમિયાન છાશનું વધુ પડતું સેવન કરવાની સલાહ આપવામાં આવી છે. સંસ્થાએ અનુરોધ કર્યો છે કે ગરમીના આ પ્રકોપ વચ્ચે વધુમાં વધુ લોકો આ નિશુલ્ક છાશ સેવાનો લાભ લે અને પોતાના સ્વાસ્થ્યનું રક્ષણ કરે.



# રાજકોટના શુભમ રાઠોડે બોર્ડમાં શ્રેષ્ઠ સિદ્ધિ મેળવી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

તાજેતરમાં જાહેર થયેલા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSEB) ના ધોરણ ૧૦ના પરિણામમાં રાજકોટની ધોળકિયા સ્કૂલના વિદ્યાર્થી શુભમ કમલેશભાઈ રાઠોડ એ ટેક્નોલોજીના યુગમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરીને શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે.

શુભમે બોર્ડ પરીક્ષામાં કુલ ૮૬ ટકા મેળવી શાળા તેમજ પરિવારનું નામ ગૌરવભેર ઉજાગર કર્યું છે. તેમની આ સફળતા પાછળ સતત મહેનત, લગન અને શિક્ષકોના માર્ગદર્શનનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે.

શાળાના આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે શુભમ શરૂઆતથી જ મહેનતુ અને પ્રતિભાશાળી વિદ્યાર્થી તરીકે ઓળખાય છે. શિક્ષકમંડળે પણ તેમની આ સિદ્ધિ બદલ ગૌરવ અનુભવી તેમને અભિનંદન પાઠવ્યા છે. સાથે જ પરિવારજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને શુભમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે માતા રીટાબેન, ભાઈ શ્યામ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.



# ગૌચરમાં દબાણના કારણે ગાય બાદ હવે નીલગાય પ્લાસ્ટિક ખાવા મજબુર

રાજકોટ શહેર અને જીલ્લામાં ગૌચરની જમીન પર દબાણના કારણે ગાય તથા વન્યજીવો ન્યુસન્સ પોઈન્ટ પર કચરો ખાતા જોવા મળે છે.ત્યારે રાજકોટમાં કાલાવડ રોડ પર અવધ ઢાળ પાસે સરકારી ખરાબમાં રોઝડું (નીલ ગાય ) પોતાના પરિવાર સાથે પ્લાસ્ટિકનો કચરો ખાતા જોવા મળી હતી. આ તસ્વીર પરથી સ્પષ્ટ થાય છે કે શેડ્યુલ ૩ માં આવતા નીલગાયને હવે માનવી કરતા પ્લાસ્ટિકથી વધુ ખતરો છે.

## માર્કેટ અપડેટ્સ




| SME DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| RECODE STUDIOS | 5/5 | 7/5 | 150 - 158 | 1600 | 2,52,800 |
| SIMCA ADVERTISING | 8/5 | 12/5 | 174 - 183 | 1200 | 2,19,600 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- બજાજ ઓટોએ માર્ચ ૩૧, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ચોથા ક્વાર્ટર (Q૪) અને સમગ્ર નાણાકીય વર્ષ (FY૨૬) માટે પરિણામો જાહેર કર્યા છે. Q૪ FY૨૬ ના મુખ્ય આંકડા ચોખ્ખો નફો ૨,૭૪૬ કરોડ, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરની સરખામણીએ ૩૪% નો વધારો દર્શાવે છે. આવક ૧૬,૦૦૬ કરોડ, જે ૩૨% વધી છે. EBITDA ૩,૩૨૩ કરોડ નોંધાયું છે, જેમાં માર્જિન વધીને ૨૦.૮% થયું છે. વેચાણ આ ક્વાર્ટરમાં ૧૩.૭૧ લાખ યુનિટ્સનું રેકોર્ડબ્રેક વેચાણ થયું છે. સમગ્ર વર્ષ (FY ૨૦૨૫-૨૬) ના પરિણામો કન્સોલિડેટેડ ચોખ્ખો નફો ૧૦,૭૪૪ કરોડ, જે વાર્ષિક ધોરણે ૪૭% નો મોટો વધારો છે. કન્સોલિડેટેડ આવક ૬૨,૯૦૫ કરોડ, જે ૨૩% વધી છે. કુલ વેચાણ કંપનીએ વર્ષ દરમિયાન ૫૧ લાખથી વધુ યુનિટ્સ વેચીને નવો ઈતિહાસ રચ્યો છે.
- પોલીકેબ ઈન્ડિયા એ ૬ મે, ૨૦૨૬ ના રોજ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના ચોથા ક્વાર્ટર (Q૪) અને સમગ્ર વર્ષ (FY૨૬) ના પરિણામો જાહેર કર્યા છે. ચોથા ક્વાર્ટર (Q૪ FY૨૬) ના મુખ્ય આંકડા ચોખ્ખો નફો ૭૮૬ કરોડ, જે ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીએ ૭% નો વધારો દર્શાવે છે. કન્સોલિડેટેડ આવક ૮,૮૬૫ કરોડ, જેમાં વાર્ષિક ધોરણે ૨૭% નો વધારો થયો છે. EBITDA ૧,૧૬૧ કરોડ, જે ૧૩% વધી છે, જ્યારે EBITDA માર્જિન ૧૩.૧% રહ્યું છે. સમગ્ર વર્ષ (FY ૨૦૨૫-૨૬) ના પરિણામો કન્સોલિડેટેડ ચોખ્ખો નફો ૨,૭૦૮ કરોડ, જે વાર્ષિક ધોરણે ૩૨% નો ઉછાળો છે. કન્સોલિડેટેડ રેવન્યુ ૨૯,૧૨૦ કરોડ, જે ૨૯% વધી છે.
- શ્રી સિમેન્ટ એ ૬ મે, ૨૦૨૬ ના રોજ માર્ચ ૨૦૨૬ માં પૂરા થયેલા ચોથા ક્વાર્ટર (Q૪) અને સમગ્ર નાણાકીય વર્ષ (FY૨૬) ના મજબૂત પરિણામો જાહેર કર્યા છે. ચોથા ક્વાર્ટર (Q૪ FY૨૬) ના મુખ્ય આંકડા ચોખ્ખો નફો ૫૨૬ કરોડ, જે ગયા વર્ષના ૫૭૪ કરોડની સરખામણીએ ૮% ઘટ્યો છે (વધતા ખર્ચને કારણે). આવક ૬,૧૦૧ કરોડ, જે વાર્ષિક ધોરણે ૧૦% નો વધારો દર્શાવે છે. વેચાણ વોલ્યુમ કુલ સિમેન્ટ વેચાણ ૧૧% વધીને ૧૦.૫૬ મિલિયન ટન થયું છે. EBITDA: ૧,૩૮૪ કરોડ નોંધાયું છે. સમગ્ર વર્ષ (FY ૨૦૨૫-૨૬) ના પરિણામો કન્સોલિડેટેડ ચોખ્ખો નફો ૧,૭૪૩.૫૬ કરોડ, જે ગયા વર્ષના ૧,૧૨૨.૭૭ કરોડની સરખામણીએ ૫૫.૩% નો મોટો ઉછાળો છે. કુલ આવક ૨૦,૯૪૩.૪૭ કરોડ, જે વાર્ષિક ધોરણે ૮.૬% વધી છે.
- બ્લુ સ્ટાર એ ૬ મે, ૨૦૨૬ ના રોજ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના ચોથા ક્વાર્ટર (Q૪) અને સમગ્ર વર્ષ (FY૨૬) ના મજબૂત નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. ચોથા ક્વાર્ટર (Q૪ FY૨૬) ના મુખ્ય આંકડા ચોખ્ખો નફો ૨૨૭.૧૮ કરોડ, જે ગયા વર્ષના ૧૯૪ કરોડની સરખામણીએ ૧૭.૩% નો વધારો દર્શાવે છે. આવક ૪,૦૭૨.૦૬ કરોડ, જે વાર્ષિક ધોરણે ૧.૩% વધી છે. EBITDA ૩૨૬.૨૫ કરોડ નોંધાયું છે, જેમાં માર્જિન વધીને ૮.૦૧% થયું છે (ગયા વર્ષે ૬.૯૪% હતું). સમગ્ર વર્ષ (FY ૨૦૨૫-૨૬) ના પરિણામો કન્સોલિડેટેડ આવક ૧૨,૪૦૧.૯૯ કરોડ, જે વાર્ષિક ધોરણે ૩.૬% નો વધારો છે કન્સોલિડેટેડ ચોખ્ખો નફો ૫૨૭.૩૩ કરોડ, જે ગયા વર્ષના ૫૯૧.૨૮ કરોડની સરખામણીએ ૧૦.૮% નો ઘટાડો દર્શાવે છે. આ ઘટાડા પાછળ વધતા ખર્ચ જવાબદાર છે. ઓર્ડર બુક ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં કંપનીની ઓર્ડર બુક ૧૦.૫% વધીને ૬,૯૨૩ કરોડ ના રેકોર્ડ સ્તરે પહોંચી છે.
- સાઉથ ઈન્ડિયન બેંક એ ૬ મે, ૨૦૨૬ ના રોજ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના ચોથા ક્વાર્ટર (Q૪) અને સમગ્ર વર્ષ (FY૨૬) ના પરિણામો જાહેર કર્યા છે. ચોથા ક્વાર્ટર (Q૪ FY૨૬) ના મુખ્ય આંકડા ચોખ્ખો નફો ૪૦૭.૫૦ કરોડ, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટર (૩૪૨.૧૯ કરોડ) ની સરખામણીએ ૧૯.૧% નો વધારો દર્શાવે છે. કુલ આવક આશરે ૨,૯૪૫ કરોડ નોંધાઈ છે. વ્યાજની આવક ૯૧૫.૩૩ કરોડ, જે વાર્ષિક ધોરણે ૫.૪૧% વધી છે. NPA) ગ્રોસ ઘટીને ૧.૪૩% અને નેટ NPA ૦.૨૯% ના રેકોર્ડ નીચલા સ્તરે પહોંચ્યા છે. સમગ્ર વર્ષ (FY ૨૦૨૫-૨૬) ના પરિણામો વાર્ષિક ચોખ્ખો નફો ૧,૪૫૫ કરોડ, જે બેંકનો અત્યાર સુધીનો સર્વોચ્ચ વાર્ષિક નફો છે અને ગયા વર્ષ કરતા ૧૧.૭% નો વધારો દર્શાવે છે. ઓપરેટિંગ પ્રોફિટ ૨,૩૭૩ કરોડ, જે વાર્ષિક ધોરણે ૪.૫૫% વધ્યો છે. કુલ બિઝનેસ બેંકે ૨,૨૩,૬૨૦ કરોડનો રેકોર્ડ બિઝનેસ વોલ્યુમ હાંસલ કર્યું છે.
- બિર્લાસોફ્ટ લિમિટેડ એ ૬ મે, ૨૦૨૬ ના રોજ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના ચોથા ક્વાર્ટર (Q૪) અને સમગ્ર વર્ષ (FY૨૬) ના પરિણામો જાહેર કર્યા છે. ચોથા ક્વાર્ટર (Q૪ FY૨૬) ના મુખ્ય આંકડા ચોખ્ખો નફો (NET PROFIT) ૧૭૫.૯ કરોડ જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરની સરખામણીએ ૪૪.૧% નો જબરદસ્ત વધારો દર્શાવે છે. આવક ૧,૩૪૮.૬ કરોડ જે વાર્ષિક ધોરણે ૨.૪% વધી છે. EBITDA માર્જિન ઓપરેટિંગ કાર્યક્ષમતાને કારણે માર્જિન વધીને ૧૮.૫% પર પહોંચ્યું છે (જે ગયા વર્ષે ૧૩.૨% હતું). સમગ્ર વર્ષ (FY ૨૦૨૫-૨૬) ના પરિણામો કન્સોલિડેટેડ ચોખ્ખો નફો ૫૧૮.૩૬ કરોડ. કુલ આવક ૫,૩૦૯.૯૬ કરોડ.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**